dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 | Issue- 30 | AD - 2026, Aso Vad-05 | Friday, Dt.30-10-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઇ મોદીના
વરદ હસ્તે



વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

તથા

'પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ'ના 24મા હપ્તાનું વિતરણ

'પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ' હેઠળ 24મા હપ્તાની ટ્રાન્સફર: **9.34 કરોડથી વધુ ખેડૂતોને** કુલ ₹ 19 હજાર કરોડ DBT દ્વારા ચૂકવાશે

ભીલડી ખાતે નિર્માણ પામેલા **BBBRC સંકુલના લોકાર્પણ**થી પશુ વંશ સુધારણા 20 ગણી ઝડપી બનશે

ફ્રેન્ચ ફ્રાઈસ પ્રોસેસિંગ યુનિટના વિસ્તરણથી બટાટા ઉત્પાદક ખેડૂતોને સુનિશ્ચિત અને પ્રિમિયમ વળતર મળશે

રાજ્યભરમાં **4000થી વધુ આંગણવાડી કેન્દ્રો**ના લોકાર્પણથી બાળકોને ઉત્તમ શિક્ષણની સાથે પોષણ મળશે

અમદાવાદ-મહેસાણા વચ્ચેના **આઠ લેનના હાઇવેનું ખાતમુહૂર્ત:** પ્રવાસન, ઉદ્યોગ અને આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળશે

અમદાવાદ (સાબરમતી)-વારાણસી એક્સપ્રેસ અને **બેચરાજીથી નવી ટ્રેન સેવાનો શુભારંભ**

અમદાવાદમાં કોટેશ્વરથી એરપોર્ટ સુધીના મેટ્રો રૂટનું ખાતમુહૂર્ત: એરપોર્ટ સુધીની કનેક્ટિવિટીમાં વધારો થશે

મુખ્ય મહેમાન

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

વિશેષ ઉપસ્થિતિ

શ્રી શંકરભાઇ ચૌધરી
માનનીય અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા અને માનનીય ચેરમેન, બનાસ ડેરી

શ્રી હર્ષ સંઘવી
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



"ખેડૂતની સમૃદ્ધિ, પશુપાલનને નવી ગતિ, ઉદ્યોગોની પ્રગતિ અને બાળકોને પોષણ-શિક્ષણ; બનાસકાંઠાના આંગણેથી ગુજરાતના ઉજ્જ્વળ ભવિષ્યની નવી દિશાઓ ખૂલી રહી છે." - **હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

તારીખ: 30 ઓક્ટોબર, 2026
સમય: સવારે 8 વાગે
સ્થળ: ભીલડી, બનાસકાંઠા

કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યૂઝ ચેનલ પર DD NEWS

ખાંભા તાલુકામાં વધારાની પોલીસ ચોકીઓ સ્થાપવાની માંગ ઉઠી

અમરેલી,તા.૨૯

ખાંભા પોલીસ સ્ટેશન હેઠળ માત્ર ત્રણથી ચાર પોલીસ ચોકીઓ કાર્યરત હોવાથી તાલુકાનાં ૫૬ ગામોની સુરક્ષા સામે સવાલો ઊભા થયા છે. હાલમાં ખડાધાર, ડેડાણ અને ઈંગોરાળા સહિતના વિસ્તારોમાં પોલીસ ચોકીઓ કાર્યરત છે. સ્થાનિકોની માંગ છે કે દર દસ ગામ દીઠ એક પોલીસ ચોકી સ્થાપવામાં આવે અને ખેડૂતો તથા ગ્રામજનોની સુરક્ષા માટે રાત્રિ પેટ્રોલિંગ વધારવામાં આવે. ગામડાઓમાં ઝટકા મશીનોની મોટરોની ચોરી, અન્ય નાની-મોટી ચોરીઓ તેમજ ખેડૂતોની તારની વાડને નુકસાન પહોંચાડવાના બનાવો બનતા હોવાની ફરિયાદો છે. ઉપરાંત, અનેક ગામોમાં દેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ થતું હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. ગીરના પ્રવેશદ્વાર સમાન ખાંભા તાલુકામાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવા વધારાની પોલીસ ચોકીઓ શરૂ કરવા અને પોલીસ કર્મચારીઓની ઘટ પૂરી કરવા સ્થાનિકોએ ધારાસભ્ય, અમરેલી જિલ્લા પોલીસ વડા તથા ખાંભા પોલીસ ઈન્સ્પેક્ટર સમક્ષ રજૂઆત કરી છે.

૫૬ ગામોની સુરક્ષા માટે રાત્રિ પેટ્રોલિંગ વધારવા અને પોલીસ સ્ટાફની ઘટ પૂરી કરવા રજૂઆત

સાવરકુંડલાના જેસર રોડ પર વિદેશી દારૂની ૧૯૦૮ બોટલ સાથે એક શખ્સ પકડાયો

અમરેલી એલ.સી.બી.એ ૩.૨.૮૪ લાખના દારૂ સહિત કુલ ૩. ૧૩.૦૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો




અમરેલી,તા.૨૯

અમરેલી એલ.સી.બી.ટીમ સાવરકુંડલા ટાઉનમાં પેટ્રોલિંગ કરી રહી હતી. બાતમીના આધારે જેસર રોડ પરથી કારમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની હેરાફેરી કરતા સાવરકુંડલાના મંગલમ સોસાયટીમાં રહેતા તેજસભાઈ પુનમચંદ્ર બકરાણીયા (ઉ.વ. ૨૮)ને પકડવામાં આવ્યો હતો.પોલીસે જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂની ૧૯૦૮ બોટલ, બે મોબાઈલ ફોન (રૂ. ૨૦,૦૦૦) અને કિયા સેલ્ટોસ કાર (રૂ. ૧૦ લાખ) કબજે કરી છે. આરોપી અને મુદ્દામાલ આગળની કાર્યવાહી માટે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનને સોંપાયા છે. આ કેસમાં સાવરકુંડલાના પ્રકાશભાઈ ભૂપતભાઈ કાતરીયા હજુ વોન્ટેડ છે.

લીંબડી ચોરીના ગુનામાં સાતેક માસથી ફરાર આરોપી અમરેલીમાંથી ઝડપાયો

અમરેલી,તા.૨૯



આરોપી વિરુધ્ધ અગાઉ ઉના અને અમરેલીમાં પણ ગુના નોંધાયેલા છે.

સુરેન્દ્રનગરના લીંબડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનામાં સાતેક મહિનાથી નાસતા-ફરતા મોઈફ ઉર્ફે મોઈબો સલીમભાઈ હમજા (ઉં.વ.૩૨)ને અમરેલી સિટી પોલીસે ઝડપ્યો છે. પોલીસ ઈન્સ્પેક્ટર આર. આર. પરમારના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમે બાતમીના આધારે કાર્યવાહી કરી હતી.

સાવરકુંડલામાં ઉતાવળા હનુમાન મંદિરે સર્વરોગ આયુર્વેદ નિદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૨૯



સાવરકુંડલા તા. ૨૮ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ હાથસણી રોડ પર આવેલા ઉતાવળા હનુમાન મંદિર ખાતે સર્વરોગ આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. આયુષ નિયામક કચેરી, ગુજરાત રાજ્ય અને જિલ્લા આયુર્વેદ અધિકારી, અમરેલીના માર્ગદર્શન હેઠળ ખડકાળા સરકારી આયુર્વેદ દવાખાના દ્વારા RSS સંચાલિત ડૉ. હેડગેવાર સેવા સમિતિના સહયોગથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં દર્દીઓની તપાસ અને નિદાન સાથે દિનચર્યા, ઋતુચર્યા, આહાર-વિહાર અંગે માર્ગદર્શન અપાયું હતું. આરોગ્યલક્ષી પત્રિકાઓનું વિતરણ પણ કરાયું હતું. વૈદ્ય કૌશલ ગોંડલીયા સહિત સેવા સમિતિના અગ્રણીઓએ કેમ્પને સફળ બનાવવા સેવા આપી હતી.

સા.કુંડલામાં માહિતી અધિકારીના હુકમ બાદ પણ વિગતો ન મળ્યાનો આક્ષેપ

સાવરકુંડલા,તા.૨૯

સાવરકુંડલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને વર્તમાન સદસ્ય વિપુલભાઈ ઉનાવાએ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માગેલી વિગતો પ્રથમ અપીલ અધિકારીના હુકમ બાદ પણ ન મળ્યાનો આક્ષેપ કર્યો છે. તેમણે નગરપાલિકામાં હાઉસ ટેક્સ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતાના હોદ્દા, બઢતી અને ગ્રેડ વધારા અંગે માહિતી માગી હતી. માહિતી ન મળતાં તેમણે પ્રથમ અપીલ કરી હતી. ભાવનગર પ્રાદેશિક કમિશનર કચેરીના પ્રથમ અપીલ અધિકારી અને વર્ગ-૧ના વરિષ્ઠ અધિકારીએ તા. ૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ હુકમ કર્યો હતો. હુકમની નકલ સંબંધિત અધિકારીઓને મોકલાઈ હોવા છતાં માહિતી ન મળ્યાનો આક્ષેપ છે. આ મામલે હુકમના અમલ અને માહિતી આપવામાં વિલંબ અંગે સવાલો ઊભા થયા છે.

અમરેલીમાં સોમવારે રોજગાર ભરતીમેળાનું આયોજન

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાના રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગારીની તકો પૂરી પાડવા માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા અનુબંધમ પોર્ટલના માધ્યમથી સ્વરોજગાર શિબિર અને ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળો આગામી ૨ નવેમ્બર, સોમવારે સવારે ૧૧ વાગ્યે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલી ખાતે યોજાશે.આ ભરતીમેળામાં એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સ દ્વારા વિકાસ વ્યવસ્થાપકની જગ્યા માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. ૧૮ થી ૪૦ વર્ષની વયમર્યાદા ધરાવતા સ્ત્રી અને પુરુષ ઉમેદવારો, ધોરણ-૧૨ પાસ અથવા સ્નાતકની લાયકાત સાથે ભાગ લઈ શકશે.

અંશકાલીન કામગીરી માટે કમિશન અને કચેરી ભથ્થા સહિત માસિક રૂ. ૭,૦૦૦થી રૂ. ૨૬,૫૦૦ સુધીનું મહેનતાણું મળશે. પૂર્ણકાલીન કામગીરી માટે ઓછામાં ઓછા બે વર્ષનો અનુભવ જરૂરી છે અને વાર્ષિક રૂ. ૩,૧૫,૦૦૦ સુધીનું પેકેજ મળવાપાત્ર રહેશે. પસંદગી પામેલા ઉમેદવારોનું કાર્યસ્થળ અમરેલી જિલ્લો રહેશે.ભરતીમેળામાં ભાગ લેવા ઉમેદવારોએ જીવનવૃત્તાંત, શૈક્ષણિક પ્રમાણપત્રો, અનુભવનું પ્રમાણપત્ર, આધારકાર્ડ અને પાસપોર્ટ કદના ફોટા સાથે ઉપસ્થિત રહેવું. દિવ્યાંગ ઉમેદવારો માટે કોઈ જગ્યા નોંધાવવામાં આવી નથી. વધુ માહિતી માટે ૦૨૭૯૨-૨૨૩૩૯૪ પર સંપર્ક કરવો.

લાઠી પોલીસે બે વર્ષ જૂના ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો

અમરેલી,તા.૨૯



લાઠી પોલીસે બે વર્ષ પહેલાં નોંધાયેલા ચોરીના ગુનામાં ચોરાયેલો મોબાઈલ ફોન કબજે કરી કાનજી ઉર્ફે કાનો લાધાભાઈ પરમારને ઝડપી પાડયો છે. પોલીસના જણાવ્યા મુજબ, લાઠી પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૪માં ઈ-એફઆઈઆર આધારે ગુનો નોંધાયો હતો. લાંબા સમયથી વણઉકેલાયેલા આ ગુનામાં પોલીસે કાર્યવાહી કરી છે. પકડાયેલો આરોપી ૨૫ વર્ષનો છે અને ખેતમજૂરી કરે છે. તે અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના કુતાણા ગામનો રહેવાસી છે. પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોટા ભંડારિયા કૃષિ મહાવિદ્યાલય ખાતે SSIP ૨.૦ અંતર્ગત IPR અને સ્ટાર્ટઅપ તકો અંગે વર્કશોપ સંપન્ન

અમરેલી,તા.૨૯

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન કૃષિ મહાવિદ્યાલય, મોટા ભંડારિયા ખાતે SSIP ૨.૦ અંતર્ગત બૌદ્ધિક સંપદા અધિકારો (IPR) અને કૃષિ સ્ટાર્ટઅપ વિષય પર એક દિવસીય વર્કશોપ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં નવીનતા, ઉદ્યોગસાહસિકતા તથા બૌદ્ધિક સંપદા અધિકારો અંગે જાગૃતિ લાવી વિચારોને વ્યવસાયમાં બદલવાનો હતો. કુલપતિ ડૉ. વી. પી. ચોવટિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ડૉ. પી. ડી. કુમાવત, ડૉ. ડી. એસ. કેલૈયા, ડૉ. સી. ડી. લખલાણી, ડૉ. આર. બી. માદરિયા, ડૉ. બી. સ્વામિનાથન અને ડૉ. હિરેન ઢોલરિયા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉદ્યોગસાહસિક સંજયભાઈ સાવલિયાએ વ્યવસાયિક અનુભવો વહેંચી વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. કાર્યશાળા દ્વારા વિદ્યાર્થીઓને કૃષિ ક્ષેત્રના પડકારો સામે ઈનોવેશનની ભૂમિકા સમજાઈ હતી. કાર્યક્રમનું સંકલન ડૉ. એસ. એસ. સપ્રે, ડૉ. વી. સી. ગઢિયા અને ડૉ. વી. વી. અગ્રાવત દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

સાવરકુંડલાની મહિલા અધ્યાપન મંદિરમાં સ્તન કેન્સર અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા,તા.૨૯




સાવરકુંડલા મહિલા અધ્યાપન મંદિરમાં અમરેલીના આશીર્વાદ ફાઉન્ડેશનના સહયોગથી સ્તન કેન્સર અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ફાઉન્ડેશનનાં જિલ્લા સંયોજક મીતાબેન જોશી ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે દૃશ્ય-શ્રાવ્ય માધ્યમથી કેન્સરના પ્રકારો, સંભવિત કારણો, લક્ષણો અને બચાવ માટેની સાવચેતીઓ અંગે તાલીમાર્થી બહેનોને સમજણ આપી હતી. ખાસ કરીને સ્તન કેન્સરના લક્ષણો ઓળખવા, સમયસર નિદાન કરાવવા અને યોગ્ય સારવાર લેવાના મહત્ત્વ વિશે માર્ગદર્શન અપાયું હતું. લક્ષણોને અવગણવાને બદલે તબીબી સલાહ લેવી જરૂરી હોવાનું સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમ જાગૃતિપ્રેરક રહ્યો હતો.

નાના લીલીયા ગામે ખેતરમાં મધમાખીઓએ મહિલા સહિત ત્રણને ડંખ મારતા સારવારમાં ખસેડાયા

લીલીયા, તા. ૨૯



લીલીયા તાલુકાના નાના લીલીયા ગામે કપાસના ખેતરમાં મધમાખીઓએ અચાનક હુમલો કરતાં મહિલા સહિત ત્રણ લોકો ડંખનો ભોગ બન્યા હતા. આ ઘટનાને પગલે ખેતરમાં કામ કરતા લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, નાના લીલીયા ગામે કપાસના ખેતરમાં મધમાખીઓએ હુમલો કરતાં પ્રભાબેન અરવિંદભાઈ સડાસણા સહિત ત્રણ લોકોને ડંખ માર્યા હતા. પ્રભાબેનને પ્રથમ લીલીયા સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. ત્યારબાદ વધુ સારવાર માટે તેમને અમરેલી ખસેડવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત જયસુખભાઈ અને તેમનાં પત્ની પણ મધમાખીઓના હુમલાનો ભોગ બન્યાં હતાં. આ ઘટનાથી ગ્રામજનોમાં ચિંતા પ્રસરી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com





૧૨૧ કંડકટર અને ૪૯ ડ્રાઇવરોને ટ્રેનીંગ આપવાની પ્રક્રિયા ચાલુ

અમરેલી એસ.ટી.ડિવિઝનમાં કરાર આધારિત ડ્રાઈવર-કંડકટરની ભરતી

અમરેલી,તા.૨૯

અમરેલી એસ.ટી વિભાગમાં લાંબા સમયથી ડ્રાઈવર અને કંડક્ટરની અછત વર્તાતી હતી. આ સમસ્યાને દૂર કરવા રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં કરાર આધારિત કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે. અમરેલી એસ.ટી વિભાગમાં ૧૨૧ કંડક્ટર અને ૪૯ ડ્રાઈવર મળી કુલ ૧૬૭ કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે. આ ભરતીથી આગામી સમયમાં કર્મચારીઓ પરનું ફરજનું ભારણ ઘટવાની સાથે બસ સંચાલન વ્યવસ્થામાં પણ રાહત મળવાની આશા સેવાઈ રહી છે. ઉપરાંત, નવા બસ માર્ગો શરૂ કરવાની દિશામાં પણ પ્રયાસો હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. અમરેલી એસ.ટી વિભાગમાં છેલ્લા ઘણા સમયથી ડ્રાઈવર અને કંડક્ટરની ઘટને કારણે બસ સંચાલનમાં મુશ્કેલીઓ ઊભી થતી હતી. ખાસ કરીને કંડક્ટરોની અછતના કારણે અનેક કર્મચારીઓને એક જ દિવસમાં બે વખત ફરજ બજાવવી પડતી હતી. તેના કારણે કર્મચારીઓમાં અસંતોષની લાગણી જોવા મળતી હતી. બીજી તરફ, ડ્રાઈવરોની પણ અછત હોવાથી ઉપલબ્ધ કર્મચારીઓને ફરજિયાત રીતે વધારાની ફરજ બજાવવા મોકલવામાં આવતા હતા. આ પરિસ્થિતિને કારણે કર્મચારીઓ પર કામનું ભારણ વધતું હતું.આ સમસ્યાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા કરાર આધારિત કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે. તેના ભાગરૂપે અમરેલી એસ.ટી. વિભાગને ૧૨૧ કંડક્ટર અને ૪૯ ડ્રાઈવર મળ્યા છે. આ નવી ભરતીથી



પ્રતિકાત્મક

વિભાગમાં લાંબા સમયથી અનુભવાતી કર્મચારીઓની અછત દૂર કરવામાં મદદ મળશે અને કર્મચારીઓની ફરજની ફાળવણી વધુ વ્યવસ્થિત રીતે થઈ શકશે તેવી આશા છે.આ અંગે અમરેલી એસ.ટી. વિભાગીય નિયામક ભાવેશ પટેલે જણાવ્યું હતું કે, કરાર આધારિત કર્મચારીઓની નિમણૂક થતાં બેવડી ફરજ બજાવતા કર્મચારીઓને રાહત મળશે. હાલ નવા ભરતી થયેલા ડ્રાઈવર અને કંડક્ટરોની તાલીમ ચાલી રહી છે. તાલીમ પૂર્ણ થયા બાદ જે તે એસ.ટી ડેપોમાં ડ્રાઈવર અને કંડક્ટરની જેટલી અછત હશે, તે મુજબ તેમની નિમણૂક કરવામાં આવશે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આગામી સમયમાં નવા બસ માર્ગો શરૂ થાય તે માટે પણ પ્રયાસો કરવામાં આવશે. કર્મચારીઓની ઉપલબ્ધતા વધતાં બસ સંચાલન વધુ સરળ બનશે અને મુસાફરોને પણ તેનો લાભ મળી શકશે.આમ, અમરેલી એસ.ટી. વિભાગમાં કરાર આધારિત ૧૬૭ ડ્રાઈવર અને કંડક્ટરની ભરતી થતાં લાંબા સમયથી ચાલી આવતી કર્મચારીઓની અછત દૂર થવાની આશા જાગી છે.

તાલીમ પૂર્ણ થયા બાદ નવી નિમણૂકો અમલમાં આવતાં બેવડી ફરજનો બોજ ઘટવાની સાથે ભવિષ્યમાં નવા બસ માર્ગો શરૂ કરવા માટે પણ અનુકૂળ પરિસ્થિતિ ઊભી થઈ શકે છે.

નવા કરાર આધારિત કર્મચારીઓ આવતા નવા રૂટ શરૂ થવાની આશા

ખાંભા તાલુકા પંચાયત ખાતે 'બેટી બચાવો, બેટી પઢાવો' અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૯

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં તાલુકા આરોગ્ય કચેરી અને સંકલિત બાળ વિકાસ યોજના વિભાગના સંયુક્ત ઉપક્રમે 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન અંતર્ગત તાલુકા પંચાયત ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. તાલુકા પંચાયતના પ્રમુખ શિવલાલભાઈ સુદાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં આશા કાર્યકરો અને મહિલા આરોગ્ય કાર્યકરોને ગર્ભધારણ પૂર્વે અને પ્રસૂતિ પૂર્વે નિદાન અંગેના કાયદા વિશે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષભાઈ કણઝરિયા, સહાયક તાલુકા વિકાસ અધિકારી કાપડી, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. જિગ્નેશભાઈ ગોસ્વામી, બાળ વિકાસ યોજના અધિકારી દક્ષાબેન ભટ્ટ, તાલુકા આરોગ્ય નિરીક્ષક વાળાભાઈ, નારી અદાલતનાં જિલ્લા સંયોજક જસુબેન ભંડેરી, અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનના હિતેશભાઈ મકવાણા તથા અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શૈલેષભાઈ કણઝરિયાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. ડૉ. જિગ્નેશભાઈ ગોસ્વામીએ કાયદાની જોગવાઈઓ, તેનું મહત્ત્વ અને કાયદાના પાલન અંગે વિસ્તૃત સમજ આપી હતી. દક્ષાબેન ભટ્ટે પણ દીકરીઓના સંરક્ષણ અને સશક્તિકરણ અંગે સંદેશ આપ્યો હતો. શિવલાલભાઈ સુદાનીએ દીકરીઓ પ્રત્યે સમાનતાની ભાવના કેળવવા અને સમાજમાં જાગૃતિ ફેલાવવા અનુરોધ કર્યો હતો. જસુબેન ભંડેરીએ નારી અદાલતની કામગીરી અને મહિલાઓને મળતી સહાય વિશે માહિતી આપી હતી. સખી કેન્દ્રનાં રંજનબેને મહિલાઓને અપાતી સેવાઓની સમજ આપી હતી, જ્યારે મીનાક્ષીબેન મકવાણાએ મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી.

જિલ્લા મિશન સંયોજક હસમુખભાઈ રાઠોડે આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું. દીકરીઓના જન્મદર અંગે જાગૃતિ વધારવા, સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવવા અને મહિલાઓ તથા દીકરીઓના અધિકારો અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુથી કાર્યક્રમ યોજાયો હતો.

વડિયામાં મામલતદાર કચેરીના સ્ટાફ ક્વાર્ટર અને સરકારી બંગલાના નવા બાંધકામની માંગ

યુવા ભાજપના મહામંત્રી પ્રતિક હરખાણીએ રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરિયાને લેખિત રજૂઆત કરી

અમરેલી,તા.૨૯

વડિયા તાલુકા યુવા ભાજપના મહામંત્રી પ્રતિક હરખાણીએ ગુજરાત સરકારના રાજ્યકક્ષાના મંત્રી અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાને લેખિત રજૂઆત કરીને વડિયા ખાતે મામલતદાર કચેરીના સ્ટાફ ક્વાર્ટર તેમજ મામલતદારના સરકારી બંગલાનું નવેસરથી બાંધકામ કરવાની માંગ કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ, બંને મકાનોની હાલત જર્જરિત હોવાથી સરકારી કર્મચારીઓ અને અધિકારીઓને સુરક્ષિત તથા સુવિધાસભર રહેઠાણ મળી રહે તે માટે આધુનિક સુવિધાઓ સાથે નવાં મકાનોનું બાંધકામ કરવું જરૂરી છે. સ્ટાફ ક્વાર્ટર અને સરકારી બંગલાના નવા બાંધકામથી કર્મચારીઓની રહેઠાણ સંબંધિત સમસ્યાનું નિરાકરણ આવી શકે છે.પ્રતિક હરખાણીએ આ બાબતને ગંભીરતાથી લઈને સંબંધિત વિભાગ દ્વારા સ્થળ તપાસ કરાવવા, બાંધકામ માટે જરૂરી અંદાજ તૈયાર કરાવવા તેમજ વહીવટી મંજૂરી અને નાણાંની ફાળવણી માટે કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ આ કામગીરીને વહેલી તકે મંજૂરી મળે અને બાંધકામ શરૂ થાય તે માટે યોગ્ય પગલાં લેવા અપીલ કરવામાં આવી છે.આ રજૂઆતની નકલ અમરેલી જિલ્લા કલેક્ટર, માર્ગ અને મકાન વિભાગના સંબંધિત અધિકારી, બગસરાના નાયબ કલેક્ટર તથા વડિયા મામલતદારને પણ મોકલવામાં આવી છે. હવે સંબંધિત વિભાગ દ્વારા આ રજૂઆતના પગલે શું કાર્યવાહી કરવામાં આવે છે તેના પર સૌની નજર રહેશે.

કપાસ ભરેલી ખેડૂતની ગાડી રોકાતાં સાંસદ ભરત સુતરીયા આકરાપાણીએ



અમરેલી, તા. ૨૯

અમરેલીમાં કપાસ ભરેલી ખેડૂતની ગાડીને પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી (આરટીઓ)ની ટીમ દ્વારા રોકવામાં આવતાં અમરેલીના સાંસદ ભરત સુતરીયાએ આ મામલે સંબંધિત અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. ખેડૂતની રજૂઆત મળતાં સાંસદે ફોન દ્વારા અધિકારીઓનું ધ્યાન દોર્યું હતું અને ખેડૂતોને બિનજરૂરી રીતે હેરાન ન કરવા તથા કપાસની હેરફેરમાં બિનજરૂરી રોકટોક ન કરવા સૂચના આપી હતી. દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને ખેડૂતો કપાસનો જથ્થો વેચાણ માટે યાર્ડ અને જિનિંગ સુધી લઈ જઈ રહ્યા છે, ત્યારે આ ઘટનાને પગલે ખેડૂતોમાં ચર્ચા શરૂ થઈ છે.પ્રાપ્ત વિગતો અનુસાર, અમરેલીમાં આરટીઓની ટીમે કપાસ ભરેલી એક ગાડીને રોકતાં ખેડૂતે સાંસદ ભરત સુતરીયાનો સંપર્ક કરીને મદદ માગી હતી. ખેડૂતની રજૂઆતને પગલે સાંસદે સંબંધિત અધિકારીઓ સાથે ફોન પર વાત કરી હતી અને કપાસની હેરફેર કરતા ખેડૂતોને મુશ્કેલી ન પડે તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી. લાઠી શહેરમાં સ્વદેશી મેળાના ઉદ્ઘાટન પ્રસંગ દરમિયાન પણ સાંસદે આ મુદ્દે અધિકારીઓને ખેડૂતોને પરેશાન ન કરવા જણાવ્યું હતું.

દિવાળીના તહેવાર દરમિયાન ખેડૂતો પોતાનો કપાસ વેચાણ માટે લઈ જતા હોય છે, ત્યારે વાહનવ્યવહાર સંબંધિત કામગીરીમાં યોગ્ય સંકલન જળવાય અને ખેડૂતોને મુશ્કેલી ન પડે તે બાબતે તેમણે રજૂઆત કરી હતી.આ સમગ્ર ઘટનાને પગલે અમરેલી જિલ્લામાં કપાસની હેરફેર કરતા ખેડૂતોને પરિવહન દરમિયાન કોઈ મુશ્કેલી પડે છે કે કેમ અને સાંસદની રજૂઆત બાદ તંત્ર દ્વારા કેવા પગલાં લેવામાં આવે છે તે જોવાનું રહ્યું.

આરટીઓના અધિકારીઓને ખેડૂતોને હેરાન ન કરવા સૂચના આપી

સાંસદ ભરત સુતરીયાએ 'સંજોગ ન્યૂઝ' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે પંચદીપ જિનિંગની કપાસ ભરેલી ગાડીને આરટીઓની ટીમે રોકી હતી. આ અંગે તેમણે અધિકારીઓને સૂચના આપી હતી કે ખેડૂતનો માલ લઈને જતી ગાડીને બિનજરૂરી રીતે રોકવાને બદલે તેને જિનિંગ સુધી જવા દેવામાં આવે, જેથી ખેડૂતને પોતાના કપાસના જથ્થાના પરિવહનમાં મુશ્કેલીનો સામનો કરવો ન પડે.આ મામલે સ્થળ પર હાજર કર્મચારીએ સાંસદને આ અંગે ઉપરી અધિકારી સાથે વાત કરી લેવા પણ જણાવ્યું હતું. જેથી આ બાબતે સાંસદે આરટીઓ કર્મચારીને જ પોતાના ઉપરી અધિકારી સાથે વાત કરવા માટે જણાવ્યું હતું. સાંસદે વધુમાં જણાવ્યું હતું કે સુરત તરફથી આવતા વાહનોને પણ આરટીઓ તરફથી ખોટી રીતે પજવણી કરવામાં ન આવે તેમજ ખેડૂતોને કપાસના વેચાણ અને પરિવહન દરમિયાન બિનજરૂરી મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે તે જોવા પણ તાકીદ કરી હતી.

શિયાળુ સીઝનમાં બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદીમાં સાવચેતી રાખવા ખેડૂતોને અપીલ

અમરેલી,તા.૨૯

અમરેલી જિલ્લાના ખેડૂતોને શિયાળુ સીઝનમાં બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે સાવચેતી રાખવા અનુરોધ કરાયો છે. ખેડૂતોએ લાયસન્સધારક સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અને ખાનગી વિક્રેતાઓ પાસેથી જ ખરીદી કરવી જોઈએ. અનધિકૃત વ્યક્તિઓ કે ફેરિયાઓ પાસેથી ખરીદી ટાળવી જોઈએ. ખરીદી સમયે વેપારીની સહી સાથે લાયસન્સ નંબર, નામ, સરનામું અને લોટ નંબર સહિતની વિગતો ધરાવતું પાકું બિલ મેળવવું જરૂરી છે. મુદત પૂરી થયેલાં ઈનપુટ્સ ખરીદવા નહીં અને વૈજ્ઞાનિક ભલામણ મુજબ જ તેનો ઉપયોગ કરવો. અનધિકૃત વેચાણ જણાય તો સંબંધિત તાલુકાના ખેતીવાડી અધિકારી અથવા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), અમરેલીને જાણ કરવા અપીલ કરાઈ છે.

રાજુલા એસ.ટી.ડેપો પાસે રસ્તો બંધ થતાં વિદ્યાર્થીઓ અને વાલીઓ મુશ્કેલીમાં



રાજુલા,તા.૨૯

રાજુલા એસ.ટી. ડેપોના વર્કશોપની બાજુમાં રસ્તો બનાવવાની કામગીરી ચાલી રહી છે, ત્યારે વાહનચાલકો અને રાહદારીઓ માટે યોગ્ય વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા ન કરાતાં મુશ્કેલી ઊભી થઈ છે. ખાસ કરીને શાળાએ જતા વિદ્યાર્થીઓ અને વાલીઓ પરેશાન થઈ રહ્યા છે. આ જગ્યામાં અચાનક બસ આડી મૂકી દેવામાં આવતાં અવરજવરનો માર્ગ બંધ થઈ ગયો છે.

સા.કુંડલા પાલિકાએ સ્મશાનગૃહમાં પાણીના ટાંકાનું નબળું બાંધકામ અટકાવ્યું

સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારમાં આવેલા કુંડલા વિભાગના સ્મશાનગૃહ ખાતે પાણીના ટાંકાનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. આ કામની સ્થળ મુલાકાત દરમિયાન બાંધકામની ગુણવત્તા નબળી જણાતાં નગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓએ તાત્કાલિક કાર્યવાહી કરી કામ અટકાવી દીધું હતું.નગરપાલિકાના ચીફ ઓફિસર સાવન કુમાર સતાણી, પ્રમુખ નયનાબેન અતુલભાઈ કાપડિયા, કારોબારી સમિતિના ચેરમેન જિગ્નેશભાઈ ટાંક, અન્ય સભ્યો તથા એન્જિનિયરો દ્વારા સ્થળની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન નિર્માણ



કાર્યમાં ગુણવત્તાના ધોરણો જળવાતા ન હોવાનું જણાતાં સંબંધિત એજન્સીને કડક સૂચનાઓ આપવામાં આવી હતી. અધિકારીઓએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે પાણીના ટાંકાના બાંધકામમાં ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં. કામમાં જરૂરી સુધારો કરવામાં નહીં આવે અને નબળી ગુણવત્તાનું કામ ચાલુ રહેશે તો એજન્સીનું બિલ અટકાવી દેવામાં આવશે તેમજ નિયમો અનુસાર કાર્યવાહી કરવામાં આવશે. નગરપાલિકાની આ કાર્યવાહીથી જાહેર બાંધકામોમાં ગુણવત્તા જાળવવા અંગે તંત્રની સક્રિયતા સામે આવી છે. નગરજનોમાં પણ વિકાસનાં કામોમાં યોગ્ય ગુણવત્તા અને પારદર્શિતા જળવાય તેવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.



અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ


સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

સાંભળવાની તકલીફ છે ?

- આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા


કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા

ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADDRESS : સાવરકુંડલા ચોકડી, રીંગ રોડ, RTO Office ની બાજુમાં, અમરેલી - 365601.

દિવાળીના તહેવારને ધ્યાને લઈ બાબરા પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાના પ્રયાસો

બાબરા,તા.૨૯

દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને બાબરા પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવા પ્રયાસો હાથ ધરાયા છે. જેના ભાગરૂપે પોલીસ સ્ટેશન ખાતે પીઆઈ ઓસુરાના અધ્યક્ષસ્થાને શહેરના જ્વેલર્સ અને આંગડિયા પેઢીના સંચાલકો સાથે બેઠક યોજાઈ હતી. તહેવાર દરમિયાન બજારોમાં ભીડ


તસવીર : દિપક કનૈયા

અને નાણાકીય વ્યવહારો વધતા હોવાથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જરૂરી સૂચનાઓ અપાઈ હતી. વેપારીઓને દુકાનોમાં સીસીટીવી કેમેરા કાર્યરત રાખવા અને સુરક્ષાની તકેદારી રાખવા સમજાવવામાં આવ્યા હતા. શંકાસ્પદ વ્યક્તિ કે ગતિવિધિ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા પણ અપીલ કરાઈ હતી. નાગરિકો અને વેપારીઓ શાંતિપૂર્ણ માહોલમાં દિવાળીની ઉજવણી કરી શકે તે માટે પોલીસ સજ્જ બની છે.

રાજુલાના મોરંગી ગામે ડુંગળીના કારખાનામાં ચીમની કાપતી વખતે નીચે પટકાતાં શ્રમિકનું મોત

રાજુલા,તા.૨૯

રાજુલા તાલુકાના મોરંગી ગામે આવેલા એક ડુંગળીના કારખાનામાં કામ દરમિયાન ગંભીર અકસ્માત સર્જાતાં એક શ્રમિકનું મોત નીપજ્યું હતું. કારખાનાની ચીમનીનું સમારકામ કરતી વેળાએ અચાનક ચીમની તૂટી પડતાં નીચે પટકાયેલા યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવ અંગે મૂળ ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લાના રસડા તાલુકાના ચીલકહર ગામના અને હાલ ભાવનગરના મહુવાના નેસવડ મેગાસિટી રીજેન્સીમાં રહેતા મનોજકુમાર યાદવ (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા મુજબ, અનીલકુમાર યાદવ (ઉ.વ.૩૦) મોરંગી ગામે આવેલા ડુંગળીના કારખાનાની છતના ભાગે વેલ્ડિંગ કટર વડે ચીમની કાપવાની કામગીરી કરતા હતા.

આ સમયે અચાનક ચીમની ભાંગી પડતાં શ્રમિક ઊંચાઈ પરથી નીચે પટકાયો હતો. નીચે પટકાતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં તેને તાત્કાલિક સારવાર અર્થે મોટા આસરાણા ખાતે આવેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલ પહોંચતાં જ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.

સાવરકુંડલામાં એટીએમ કાર્ડ બદલી ગઠિયો વૃધ્ધના ખાતામાંથી રૂ. ૬૨,૯૦૦ ઉપાડી ફરાર

એટીએમમાં મદદના બહાને પાસવર્ડ જાણી નજર ચૂકવીને છેતરપિંડી આચરી

સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલાના મહુવા રોડ પર આવેલા જનતાબાગ સામેના એસબીઆઈ બેન્કના એટીએમ સેન્ટરમાં એક વૃધ્ધ સાથે એટીએમ કાર્ડની અદલાબદલી કરી તેમના બેન્ક ખાતામાંથી રૂ. ૬૨,૯૦૦ ઉપાડી લેવાની ઘટના સામે આવી હતી. આ મામલે ભોગ બનનારના પુત્ર દ્વારા અજાણ્યા શખ્સ વિરુધ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. બનાવ અંગે નિકુંજગીરી રમેશગીરી ગોસ્વામી (ઉ.વ.૨૩)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેના પિતા મહુવા રોડ પર જનતાબાગની સામે આવેલા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના એટીએમ સેન્ટરમાં નાણાં ઉપાડવા માટે ગયા હતા. તે દરમિયાન ત્યાં પહેલેથી હાજર એક અજાણ્યા ગઠિયાએ તેમને મદદ કરવાના બહાને વિશ્વાસમાં લીધા હતા. આ શખ્સે તેના પિતા પાસેથી એટીએમ કાર્ડ મેળવી, ચાલાકીપૂર્વક તેમનો પિન જાણી લીધો હતો. ત્યારબાદ ગઠિયાએ નજર ચૂકવીને ફરિયાદીના પિતાના અસલ કાર્ડની જગ્યાએ એસબીઆઈનું અન્ય ડમી એટીએમ કાર્ડ પધરાવી દીધું હતું અને અસલ કાર્ડ લઈને ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

ત્યારબાદ આ અજાણ્યા શખ્સે તેના પિતાના ખાતામાંથી અલગ અલગ સ્થળોએથી કુલ રૂ. ૬૨,૯૦૦ ઉપાડી લઈ છેતરપિંડી આચરી હતી. ખાતામાંથી નાણાં ઉપડી ગયાનો સંદેશો મળતાં વૃધ્ધ તથા તેમના પરિવારજનોને પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનો અહેસાસ થયો હતો. આ બનાવ અંગે ભોગ બનનારના પુત્રની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા શખ્સ સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી, એટીએમ સેન્ટર તથા આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે આરોપીને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલીમાં 'તમને કાંઈ વાંધો હોય તો હું અહીંથી ઉભો થઈ જતો રહું?' કહેતાં યુવકને ફટકાર્યો

યુવકને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી

અમરેલી, તા.૨૯

અમરેલીમાં એક યુવકે 'તમને કાંઈ વાંધો હોય તો હું અહીંથી ઊભો થઈ જતો રહું?' તેમ કહેતાં સામા પક્ષે તેને ફટકાર્યો હતો તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે મેહુલભાઈ શરદભાઈ રાવ (ઉ.વ.૩૨)એ વનરાજભાઈ ધરમશીભાઈ માથાસુળીયા, ભાવેશભાઈ વનરાજભાઈ માથાસુળીયા તથા રવિભાઈ વનરાજભાઈ માથાસુળીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તેમના ઝૂંપડા પાસે બેઠા હતા ત્યારે આરોપી વનરાજભાઈ માથાસુળીયાએ તેમને કહેલું કે, 'અહીંયા કેમ બેઠો છો?' જેથી તેમણે 'તમને કાંઈ વાંધો હોય તો હું અહીંથી ઊભો થઈ જતો રહું' તેમ કહેતાં ત્રણેય આરોપીઓને સારું નહોતું લાગ્યું અને ઉશ્કેરાઈ જઈ જેમ ફાવે તેમ ગાળો દેવા લાગ્યા હતા.

ઉપરાંત ઢીંકા-પાટુનો મૂંઢ માર મારી ત્રણેય આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ રમેશભાઈ નશાભાઈ માલકિયા વધુ તપાસ કરી રહ્યા છે.

બાબરાના ઈંગોરાળા ગામે પતિ-પત્નીએ મહિલાને ઢીંકા-પાટુનો મૂંઢ માર માર્યો

પુત્રને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

બાબરા,તા.૨૯

બાબરાના ઈંગોરાળા ગામે પતિ-પત્નીએ મહિલાને ઢીંકા-પાટુનો મૂંઢ માર માર્યો હતો તેમજ તેમના પુત્રને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે લીલાબેન બાબુભાઈ સોલંકી (ઉ.વ.૪૭)એ મહેશભાઈ દેવજીભાઈ સોલંકી તથા શાંતુબેન મહેશભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના ઘરની બહાર શેરીમાં ગટરનું કામ ચાલતું હોવાથી તેમના દીકરાએ શેરીમાં મોટરસાઈકલ મૂકી હતી. જે મહેશભાઈ સોલંકીને ન ગમતાં તેમણે તેમના દીકરાને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. ઉપરાંત મહેશભાઈ અને તેમનાં પત્નીએ તેમને ઢીંકા-પાટુનો માર માર્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.એસ. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

ભુરખીયા ગામે અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની લીગલ મેગા ડ્રાઈવ સંપન્ન

અમરેલી, તા. ૨૯

નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લાના ભુરખીયા ગામે ૬૦ દિવસીય 'લીગલ મેગા ડ્રાઈવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશનો મુખ્ય હેતુ છેવાડાના નાગરિકો સુધી કાનૂની સેવાઓ અને સરકારી યોજનાઓનો લાભ પહોંચાડવાનો હતો. સમગ્ર ગુજરાતમાંથી પસંદ કરાયેલા માત્ર સાત ગામોમાં ભુરખીયાનો સમાવેશ થયો હતો. આ અભિયાનના અંતે કુલ ૮૪૮ ગ્રામજનોને વિવિધ સેવાઓનો લાભ મળ્યો હતો. આશરે ૨,૪૦૦ની વસ્તી ધરાવતા ખેતીપ્રધાન ભુરખીયા ગામમાં વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગો, વિધવાઓ અને જરૂરિયાતમંદ પરિવારોને વિવિધ સરકારી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. અભિયાનના પ્રારંભે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ આર.કે. દેસાઈની ઉપસ્થિતિમાં વહીવટી વિભાગોના અધિકારીઓ, ગ્રામ પંચાયત અને ભુરખીયા મંદિર ટ્રસ્ટના પ્રતિનિધિઓ સાથે સંકલન બેઠક યોજાઈ હતી. ત્યારબાદ પેરા-લીગલ વોલન્ટિયર્સ દ્વારા ઘરે-ઘરે જઈ સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. ગ્રામજનોના દસ્તાવેજી પ્રશ્નોના નિરાકરણ માટે સેવા સેતુ અંતર્ગત વિશેષ કેમ્પ યોજાયો હતો. તેમાં આધાર કાર્ડ, રેશન કાર્ડ, ચૂંટણી કાર્ડ અને આયુષ્માન કાર્ડ સહિતના દસ્તાવેજો તથા સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગના સહયોગથી ૨૭ લાભાર્થીઓને કીટ અને મંજૂરી હુકમોનું વિતરણ કરાયું હતું. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બેન્કિંગ કેમ્પ યોજાયો હતો, જ્યારે એસ.બી.આઈ. આર.સેટી દ્વારા સ્વરોજગારલક્ષી તાલીમ અંગે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, વરિષ્ઠ નાગરિકો માટે તબીબી તપાસ અને નેત્ર નિદાન કેમ્પ યોજાયા હતા. દિવ્યાંગોને યુડીઆઈડી કાર્ડ મેળવવામાં મદદ કરાઈ હતી. નશામુક્તિ, બાળલગ્ન પ્રતિબંધ, ખેડૂતોની લઘુતમ ટેકાના ભાવની નોંધણી અને બાળકોમાં સર્જનાત્મકતા વિકસાવવા ચિત્ર સ્પર્ધા સહિતની પ્રવૃત્તિઓ યોજાઈ હતી. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, લાઠી તાલુકા વહીવટી તંત્ર, ગ્રામ પંચાયત અને મંદિર ટ્રસ્ટના સંકલિત પ્રયાસોથી અભિયાન સંપન્ન થયું હતું.

ખાંભાના રાયડી ગામે વાડીની ઓરડીમાંથી ૫ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી,તા.૨૯

ખાંભાના રાયડી ગામે વાડીની ઓરડીમાંથી ૫ લીટર દેશી દારૂ પકડાયો હતો. પોલીસે રૂ. ૧,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે વડિયાના મેઘા પીપળીયા ગામેથી દેશી દારૂ બનાવવાનો ૪૦ લીટર આથો પકડાયો હતો. આ ઉપરાંત, જિલ્લામાં વિવિધ સ્થળોએથી ૮ લોકો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા, તેમજ ૭ ઈસમો નશાની હાલતમાં વાહન ચલાવતાં પકડાયા હતા.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પાંચમ
તા.૩૦-૧૦-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૩૧,
સૂર્યાસ્ત-૦૫:૩૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મૃગશીર્ષા

દૈનિક રાશિફળ

તા.૩૦-૧૦-૨૦૨૬ શુક્રવાર

મેષ: આજે સામાજિક કાર્ય કરીને તમે લોકોના પ્રિય બનશો, જેના કારણે તમારા મિત્રોની સંખ્યા પણ વધશે. આજે તમને રિયલ એસ્ટેટના ક્ષેત્રોમાં પણ ફાયદો થશે.

વૃષભ: જો તમે નોકરી કરો છો, તો કાર્યસ્થળ પર તમારા કેટલાક દુશ્મનો ઉભા થઈ શકે છે, તેઓ તમારી છબી બગાડવાનો પ્રયાસ કરશે પરંતુ ચિંતા કરશો નહીં કારણ કે તમારી ચતુર બુદ્ધિ બધા દુશ્મનોને હરાવી દેશે.

મિથુન: આજનો દિવસ પૈસાની દ્રષ્ટિએ તમારા માટે શુભ રહેશે. આજે જો તમારા પૈસા ક્યાંક ફસાયેલા હોય, તો તમને તે મળી શકે છે, જેનાથી તમે ખુશ દેખાશો.

કર્ક: આજે તમારે નાના ભાઈ-બહેનોના કારણ વગર અસહકારનો ભાગ બનવું પડશે. તમારા સ્વભાવ પ્રત્યે ગંભીર બનો, તો જ તમે ફક્ત સખત મહેનતથી તમારા કાર્યને સફળ બનાવી શકશો.

સિંહ: આજે તમારામાં દાન અને પુણ્યની ભાવના વધશે, આજે તમને શ્રધ્ધાના બળ પર કરવામાં આવેલા પ્રયત્નોમાં સફળતા મળશે.

કન્યા: જો તમે છેલ્લા કેટલાક સમયથી કોઈ શારીરિક તકલીફથી પીડાઈ રહ્યા છો, તો તે પણ આજે દૂર થશે અને તમારી સંપત્તિમાં પણ વધારો થઈ શકે છે.

તુલા: આજે તમે વ્યસ્તતા અને દોડાદોડથી તમારા વ્યવસાયની નવી વ્યૂહરચનાઓને સફળ બનાવવાનો પ્રયાસ કરશો. આજે શક્ય છે કે તમારા પર નોકરીમાં કોઈ આરોપ લાગી શકે છે.

વૃશ્ચિક: આજે તમારા માટે આવક કરતાં વધુ ખર્ચની પરિસ્થિતિ હશે, તેથી તમારે વિચારીને જ આગળ વધવું પડશે. જો આ કરવામાં નહીં આવે, તો આવનારા સમયમાં તમારે મુશ્કેલીનો સામનો કરવો પડશે.

ધન: આજે તમારે તમારા પરિવારમાં ચાલી રહેલા ઝઘડાને સમાપ્ત કરવો પડશે, નહીં તો તે તમારા માનસિક તણાવનું કારણ રહેશે.

મકર: આજે તમને તમારા પૂર્વજો પાસેથી પૈસા મળવાની પ્રબળ શક્યતા છે. આજે તમારે તમારા કોઈ મિત્ર કે સાથીદારને પૂછ્યા વિના કોઈ સલાહ ન આપવી જોઈએ કારણ કે તેની વિપરીત અસર થશે, તેથી સાવચેત રહો.

કુંભ: આજે તમને તમારા અટકેલા પૈસા મળી શકે છે. આજે તમને તમારા સાસરિયાઓ તરફથી પણ પૈસા મળવાની ઘણી શક્યતાઓ દેખાઈ રહી છે.

મીન: આજે તમને તમારા માતૃ પક્ષ તરફથી પણ માન મળી શકે છે, પરંતુ આજે તમારી નોકરીમાં તમારે તમારા દુશ્મનોથી સાવધ રહેવું પડશે, કારણ કે તેઓ તમને પરેશાન કરવાનો પ્રયાસ કરશે.

અમરેલી જિલ્લામાં મીઠાઈ-ફરસાણના એકમોમાં તંત્રની તપાસ, ૩૧ નમૂના લેવાયા

દિવાળીના તહેવારોમાં ખાદ્ય ચીજોની ગુણવત્તા જાળવવા કાર્યવાહી, અહેવાલ બાદ કાયદેસર પગલાં લેવાશે

અમરેલી, તા. ૨૯

દશેરા અને દિવાળીના તહેવારો દરમિયાન નાગરિકોને ગુણવત્તાયુક્ત અને સુરક્ષિત ખાદ્ય ચીજો મળી રહે તે માટે અમરેલી જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા મીઠાઈ, ફરસાણ સહિતના ખાદ્ય ચીજોના ઉત્પાદક એકમોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન વિવિધ ખાદ્ય ચીજોના કુલ ૩૧ નમૂના લઈને પૃથ્થકરણ માટે પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા છે. જેમાં રાજુલામાંથી ૧૦, સાવરકુંડલામાંથી ૬, બાબરામાંથી ૪, બગસરામાંથી ૨, કુંકાવાવ-વડીયામાંથી ૨ અને અમરેલી શહેરમાંથી ૭ નમૂના લેવામાં આવ્યા હતા. આ નમૂનાઓમાં જલેબી, ફાફડા, ગાંઠિયા, લાડુ, પેંડા, દૂધ, પનીર, સિંગતેલ, માવો અને ઘી સહિતની ચીજોનો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન વેપારીઓને સ્વચ્છતા જાળવવા અને આરોગ્યપ્રદ વાતાવરણમાં ખાદ્ય ચીજોનું ઉત્પાદન કરવા સૂચના અપાઈ હતી. પ્રયોગશાળાના અહેવાલ બાદ ખાદ્ય સુરક્ષા અને ધોરણો અધિનિયમ, ૨૦૦૬ હેઠળ નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

અમરેલીના પીપળલગ ગામે વાડીએથી પરપ્રાંતિય સગીરાનું અપહરણ

અમરેલી,તા.૨૯

અમરેલીના પીપળલગ ગામે વાડીએથી પરપ્રાંતિય સગીરાનું અપહરણ થયું હતું. બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના રાજપુર તાલુકાના દાનોદ ગામના અને હાલ પીપળલગ ગામે વાડીએ રહેતી સગીરાના પિતાએ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની સગીર દીકરીને અજાણ્યો ઈસમ તેમના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયા હતા.

દામનગરમાંથી યુવતી ઘરેથી પોતાની મેળે ક્યાંક જતી રહી

દામનગર,તા.૨૯

અમરેલી જિલ્લામાં યુવતીઓ ઘરેથી પોતાની મેળે ક્યાંક જતી રહેવાનો સિલસિલો યથાવત્ રહ્યો છે. દામનગરમાં મોટા બાપુજીના ઘરેથી એક યુવતી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ હતી. બનાવ સંદર્ભે બાબરામાં રહેતા ભરતભાઈ બીજલભાઈ ચૌહાણ (ઉ.વ.૪૬)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી આશા (ઉ.વ.૨૦) દામનગરમાં રહેતા તેમના મોટાભાઈના ઘરેથી કોઈને કહ્યા વગર પોતાની મેળે ક્યાંક જતી રહી હતી.

ધારીના નબાપરાની વાડી વિસ્તારમાં સિંહોએ બે પશુનું મારણ કરતાં અરેરાટી

સિંહ અને દીપડાની અવરજવરથી ખેડૂતોમાં ફફડાટ, વનવિભાગ પાસે પગલાં લેવાની માંગ

ધારી,તા.૨૯

ધારી શહેરના નબાપરા વિસ્તારમાં સિંહ અને દીપડાની અવરજવર સામાન્ય બની ગઈ છે. રાત્રિના સમયે શિકારની શોધમાં ગામ તરફ ધસી આવતા સિંહો અને દીપડાઓની રંજાડથી સ્થાનિકોમાં ભયનો માહોલ છે. સમયાંતરે


તસવીર : સંજય વાળા

સિંહો ખેડૂતોનાં પશુઓનું મારણ કરતા હોવાથી ખેડૂતો અને ખેતમજૂરોમાં ફફડાટ ફેલાયો છે. આજે સિંહોએ બે પશુઓનું મારણ કરી એરંડાના ખેતરમાં બેસીને ફાડી ખાધાં હતાં. આ ઘટનાને પગલે વિસ્તારના સભ્ય બાલાભાઈ વાડદોરિયાએ નારાજગી વ્યક્ત કરી વનવિભાગ સમક્ષ યોગ્ય પગલાં લેવાની માંગ કરી છે.

રોશનબા વાળાએ નેશનલ રેકોર્ડ તોડી ગોલ્ડ મેડલ જીત્યો

૪×૧૦૦ મીટર મિક્સ્ડ રિલેમાં ૪૪.૩૭ સેકન્ડના સમય સાથે ગુજરાતનું ગૌરવ વધાર્યું

બાબરા ,તા.૨૯

ચેન્નાઈ, તમિલનાડુ ખાતે તા. ૨૩ થી ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન યોજાયેલી ૪૧મી જુનિયર નેશનલ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં અંડર-૨૦ કેટેગરીની ૪×૧૦૦



મીટર મિક્સ્ડ રિલે સ્પર્ધામાં રોશનબા વિક્રમસિંહ વાળાએ નવો નેશનલ રેકોર્ડ સ્થાપિત કરીને ગોલ્ડ મેડલ જીત્યો છે. મૂળ સિહોરના અને હાલ બાબરા ખાતે રહેતાં રોશનબાએ પોતાની ટીમ સાથે ૪૪.૩૭ સેકન્ડમાં સ્પર્ધા પૂર્ણ કરી આ સિદ્ધિ મેળવી હતી.

તેમની સફળતાથી ગુજરાતનું ગૌરવ વધ્યું છે. રોશનબાની આ સિદ્ધિ યુવા ખેલાડીઓ માટે પ્રેરણારૂપ બની રહેશે.

તંત્રી લેખ

ભારતીય મૂડી બજારનો ઐતિહાસિક દિવસ

જો તમારામાં મોટું સપનું જોવાની હિંમત હોય, તો આખી દુનિયા તે સપનું પૂરું કરવામાં તમારો સાથ આપે છે. જિયો પ્લેટફોર્મ્સની સફર આ વાતનો જીવંત પુરાવો છે. ગઈકાલ સુધી જે એક વિચાર હતો, એક પડકાર હતો, આજે તે દેશના કરોડો લોકોની દુઆ બની ગયો છે. 'જિયો મેરે લાલ' અને 'જુગજુગ જિયો' ના નારા સાથે જ્યારે જિયોએ શેરબજારમાં પોતાની ધમાકેદાર એન્ટ્રી કરી, ત્યારે તે માત્ર એક કંપનીનું લિસ્ટિંગ નહોતું, તે દરેક ભારતીયના ડિજિટલ સપનાની જીત હતી.

આજની આ ઐતિહાસિક સફળતા પાછળ વર્ષોની મહેનત, અડગ વિશ્વાસ અને ક્યારેય ન હારવાની જીદ છુપાયેલી છે. યાદ કરો એ દિવસો જ્યારે ભારતમાં ઈન્ટરનેટ એક લક્ઝરી ગણાતું હતું. એક જીબી ડેટા માટે સેંકડો રૂપિયા ચૂકવવા પડતા હતા. સામાન્ય માણસ, વિદ્યાર્થી કે ખેડૂત માટે ઈન્ટરનેટ પહોંચની બહાર હતું. ત્યારે એક વ્યક્તિએ સપનું જોયું કે ઈન્ટરનેટ દરેક ભારતીયના હાથમાં હોવું જોઈએ, તે પણ લગભગ મફત. લોકોએ કહ્યું આ અશક્ય છે, આમાં ખોટ જશે. પણ મુકેશ અંબાણીએ સાંભળ્યું નહીં. તેમણે પોતાના પિતા ધીરુભાઈ અંબાણી પાસેથી શીખેલો મંત્ર યાદ રાખ્યો - મોટું વિચારો અને તેને પૂરું કરવા માટે દિવસ-રાત એક કરી દો. અને પછી જે થયું તે ઈતિહાસ છે. જિયો આવ્યું અને તેણે ભારતની તસવીર બદલી નાખી. મુંબઈમાં યોજાયેલા લિસ્ટિંગ સમારોહમાં જે દ્રશ્ય જોવા મળ્યું તે દરેક યુવાન માટે પ્રેરણા સમાન હતું. સ્ટેજ પર અનંત અંબાણી બોલી રહ્યા હતા. તેમના શબ્દોમાં ઘમંડ નહોતો, આભાર હતો. તેમણે કહ્યું કે આ કંપનીને દેશે દુઆ આપી છે. તેમણે એક ખૂબ જ સુંદર વાત કહી કે તેમના માટે શેરબજારમાં વાગતી ઘંટડી એ મંદિરના ઘંટ જેવી છે. કારણ કે તેમના પરિવાર માટે વેપાર એ પૂજા છે. આ વિચાર જ તમને જીતાડે છે. જ્યારે તમે કામને પૂજા સમજો છો, ત્યારે થાક લાગતો નથી, કંટાળો આવતો નથી. તમે દરરોજ વધુ સારું કરવાની કોશિશ કરો છો. અને જ્યારે પૂજા પૂરી થાય ત્યારે પ્રસાદ વહેંચાય છે. આ લિસ્ટિંગના દિવસે જે રોકાણકારોને ફાયદો થયો તે એ જ પ્રસાદ હતો.આ ક્ષણે પિતા મુકેશ અંબાણીની આંખો ભરાઈ આવી. આ આંસુ ખુશીના હતા, સંતોષના હતા. એક પિતાએ પોતાના પુત્રને પોતાના વિચારોને આટલી સુંદર રીતે રજૂ કરતા જોયો. આ એક પરિવારની સફળતા નથી, આ સંસ્કારની સફળતા છે. ધીરુભાઈએ જે બીજ વાવ્યું હતું, તે આજે વટવૃક્ષ બની ગયું છે. આ આપણને શીખવે છે કે સાચી સફળતા એક દિવસમાં મળતી નથી. તે પેઢી દર પેઢી મહેનત માંગે છે.

આજે જ્યારે જિયો દેશની સૌથી મૂલ્યવાન કંપનીઓમાંની એક બની ગઈ છે, ત્યારે તેણે સાબિત કરી દીધું છે કે ભારતમાં કંઈ પણ અશક્ય નથી. જો તમારી પાસે સાચું વિઝન હોય તો રોકાણકારો પણ તમારા પર વિશ્વાસ મૂકશે, બજાર પણ તમને વધાવશે અને દેશ પણ તમને દુઆ આપશે. તેથી આ લિસ્ટિંગને માત્ર શેરના ભાવ વધવા કે ઘટવાની ઘટના તરીકે ન જુઓ. તેને એક સંદેશ તરીકે જુઓ. સંદેશ એ છે કે સપનું જુઓ, મહેનત કરો, વિનમ્ર રહો અને ક્યારેય હાર ન માનો. કારણ કે એક દિવસ તમારા માટે પણ આખો દેશ કહેશે - જુગજુગ જિયો.

શહેરી કચરાની સમસ્યાનો ઉકેલ બાયો ટેકનોલોજીમાં છે

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ભારતના તમામ નાના મોટા શહેરોમાં કચરાની સમસ્યા એક સમાન છે. આ સમસ્યાને માત્ર ઉપાડીને દૂર ફેંકવાથી ઉકેલ નહીં આવે. તેના માટે વૈજ્ઞાનિક અભિગમ જરૂરી છે અને આજની તારીખે આ સમસ્યાનો સૌથી ટકાઉ, આર્થિક અને પર્યાવરણને અનુકૂળ ઉકેલ બાયો ટેકનોલોજીમાં જ રહેલો છે.

બાયો ટેકનોલોજી એ જીવવિજ્ઞાન અને ટેકનોલોજીનો સમન્વય છે. તેમાં પ્રકૃતિમાં રહેલા સુક્ષ્મ જીવો જેવા કે બેક્ટેરિયા, ફૂગ અને ઉત્સેચકોની કુદરતી શક્તિનો ઉપયોગ માનવ કલ્યાણ માટે કરવામાં આવે છે. આ કોઈ નવી શોધ નથી. દહીં જમાવવું, અથાણું આથવવું કે ખમીરથી રોટલી બનાવવી એ પણ તેના પ્રાથમિક સ્વરૂપો જ હતા. આધુનિક બાયો ટેકનોલોજીમાં જનીન ઈજનેરી અને સુક્ષ્મ જીવાણુ વિજ્ઞાનના કારણે આ શક્તિ અનેક ગણી વધી ગઈ છે. કચરા વ્યવસ્થાપનમાં તેનો અર્થ એ થાય છે કે કચરાને બાળી નાખવા કે જમીનમાં દાટી દેવાને બદલે ખાસ વિકસાવેલા બેક્ટેરિયા દ્વારા તેને ખવડાવીને તેનું વિઘટન કરવું. આ પ્રક્રિયામાં ઓર્ગેનિક કચરામાંથી ઉચ્ચ ગુણવત્તાનું કુદરતી ખાતર, બાયો ગેસ અને તેમાંથી વીજળી બનાવી શકાય છે. પ્લાસ્ટિક ખાઈ જનારા બેક્ટેરિયા અને તેલ કે ભારે ધાતુઓને નિષ્ક્રિય કરનારા જીવાણુઓ પણ હવે વિકસાવવામાં આવ્યા છે. એટલે બાયો ટેકનોલોજી કચરાને સમસ્યા મટાડીને સંપત્તિમાં ફેરવે છે.

ઉકરડા શબ્દ સાંભળતા જ મનમાં અણગમો અને દુર્ગંધ ઉભી થાય છે. દરેક વ્યક્તિ ઉકરડાથી દૂર રહેવા માંગે છે પરંતુ હકીકત એ છે કે દરેક વ્યક્તિ રોજેરોજ ઉકરડો પેદા પણ કરી રહી છે. આપણે જેને નકામું ગણીને ફેંકીએ છીએ તે કચરો અંતે શહેરની બહાર એક વિશાળ ઢગલા તરીકે એકઠો થાય છે. આ ડમ્પિંગ સાઈટો જે હેતુ માટે વિકસાવવામાં આવી હતી તે હેતુ આજે નિષ્ફળ ગયો છે અને તે માનવ આરોગ્ય અને પર્યાવરણ માટે સૌથી જોખમી સ્થળો બની ગઈ છે. વર્ષો સુધી આપણે ઉકરડાને માત્ર સમસ્યા તરીકે જોયો છે પરંતુ બાયો ટેકનોલોજીના આગમન પછી તેને આર્થિક સધ્ધરતાના સોપાન તરીકે જોવાનો સમય પાકી ગયો છે.

નગરજનો દ્વારા રોજેરોજ ફેંકવામાં આવતા કચરાને સીટી ગાર્બેજ એટલે કે શહેરી ઘન કચરો કહેવામાં આવે છે. જેનો કોઈ ઉપયોગ નથી તેવા પદાર્થોને અંગ્રેજીમાં વેસ્ટ અને ગાર્બેજ કહેવામાં આવે છે. તેનું મુખ્ય વર્ગીકરણ બે રીતે થાય છે. ઓર્ગેનિક સીટી ગાર્બેજ જેમાં વનસ્પતિજન્ય અને જૈવિક કચરો જેવા કે સડેલા ફળો, બગડેલ શાકભાજી, રસોડાનો વધેલો ખોરાક, પાંદડા અને કૃષિ કચરો આવે છે. બીજો પ્રકાર ઈનઓર્ગેનિક છે જેમાં પ્લાસ્ટિક, કાચ, ધાતુ, કાગળ અને રબરનો સમાવેશ થાય છે. આ બંનેને જો ઘરેથી જ અલગ પાડવામાં આવે તો જ તેનો વૈજ્ઞાનિક નિકાલ શક્ય બને છે. ભાવનગર, રાજકોટ અને જામનગર જેવા શહેરોની મુખ્ય નિષ્ફળતા એ જ છે કે આ વર્ગીકરણ પાયાના સ્તરે થતું નથી.

કારખાનાઓ અને ઔદ્યોગિક વસાહતોમાંથી નીકળતા કચરાને ઔદ્યોગિક વેસ્ટ કહેવામાં આવે છે. આ કચરો ઘન, પ્રવાહી અને



વાયુ એમ ત્રણેય સ્વરૂપમાં હોઈ શકે છે. તે શહેરી કચરા કરતા અનેક ગણો વધુ જોખમી છે કારણ કે તેમાં ભારે ધાતુઓ, ઝેરી રસાયણો અને અજાણ્યા કેમિકલ્સ હોય છે. ગુજરાતની ઔદ્યોગિક વસાહતો જેવી કે વટવા, અંકલેશ્વર અને વાપીને ગંભીર પ્રદૂષણના કારણે ક્રિટિકલ પોલ્યુશન ઝોનમાં મુકવામાં આવી હતી. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે ઘણા એકમોને ક્લોઝર નોટિસો આપી હતી. એક અંદાજ મુજબ ઉદ્યોગોમાં આજે એક હજારથી વધુ પ્રકારના કેમિકલ્સનો ઉપયોગ થાય છે પરંતુ તેમાંથી મોટાભાગના કેમિકલ્સની માનવજીવન અને પર્યાવરણ પર શું લાંબા ગાળાની વિપરીત અસર થાય છે તેનો કોઈ સ્વતંત્ર અભ્યાસ જ થયો નથી.

પ્લાનિંગ કમિશન ઓફ ઈન્ડિયાએ એક જૂન બે હજાર ચૌદના રોજ પ્રકાશિત કરેલા રિપોર્ટ ઓફ ટાસ્ક ફોર્સ ઓન વેસ્ટ ટુ એનર્જીમાં જે આંકડા આપ્યા છે તે હચમચાવી નાખે તેવા છે. આ અહેવાલ બે હજાર અગિયારની વસ્તી ગણતરી પર આધારિત છે. તે સમયના આંકડા મુજબ મુજબ ભારતના ચાર હજાર નવસો પાંત્રીસ શહેરોમાં રહેતી લગભગ ત્રીસ કરોડ સિત્તેર લાખની શહેરી વસ્તી જે કુલ વસ્તીના એકત્રીસ દશાંશ પંદર ટકા છે તે રોજનો એક લાખ એંસી હજાર ટન કચરો પેદા કરે છે. એટલે કે વ્યક્તિદીઠ રોજના ચારસો પચાસ ગ્રામ. વાર્ષિક હિસાબે છ કરોડ એંસી લાખ ટન કચરો. આ આંકડામાં ભંગારવાળા લઈ જતા કચરો, રસ્તા પરથી વીણી લેવાતો કચરો અને ઈલેક્ટ્રોનિક, મેડિકલ અને ઔદ્યોગિક કચરો ગણવામાં જ આવ્યો નથી. આટલા કચરાના નિકાલ માટે બારસો પચાસ હેક્ટર જમીન જોઈએ. જો આ ગતિએ કચરો વધશે તો બે હજાર એકત્રીસમાં રોજનો ચાર લાખ પચાસ હજાર એકસો ત્રીસ ટન એટલે કે વાર્ષિક ઓગણીસ કરોડ પચાસ લાખ ટન અને બે હજાર પચાસમાં રોજનો અગિયાર લાખ પંચાણું હજાર ટન કચરો પેદા થશે. આ આંકડા માત્ર એકત્રીસ ટકા શહેરી વસ્તીના છે, અડસઠ દશાંશ પંચ્યાસી ટકા એટલે કે ત્યાસી કરોડથી વધુ ગ્રામીણ વસ્તીના કચરાનો હિસાબ તો પ્લાનિંગ કમિશન પણ લગાવી શક્યું નથી.


આ ગંભીર સમસ્યાને કારણે ઓગણીસો છાણુંમાં સર્વોચ્ચ અદાલતમાં જાહેર હિતની અરજી થઈ હતી. તેના આદેશથી સરકારને ધી મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ હેન્ડલિંગ રૂલ્સ બે હજાર બનાવવાની ફરજ પડી જે બે હજાર ત્રણથી અમલમાં આવ્યો. આ કાયદા મુજબ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાએ કચરો એકઠો કરવો, તેનું વર્ગીકરણ કરવું અને વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવો ફરજિયાત છે. પરંતુ વાસ્તવિકતા કડવી છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના બે હજાર અગિયાર બારના અહેવાલ મુજબ આ કાયદાનો અમલ માત્ર એક દશાંશ ચાર ટકા જ થાય છે. શહેરોમાંથી માંડ અડસઠ ટકા કચરો જ એકઠો થાય છે, બત્રીસ ટકા કચરો ભગવાન ભરોસે રસ્તા પર જ રહે છે. અને જે અડસઠ ટકા એકઠો થાય છે તેમાંથી માત્ર અઠ્ઠાવીસ ટકાનો જ વૈજ્ઞાનિક નિકાલ થાય છે. આંકડા જ કહે છે કે તંત્ર કેટલું નિષ્ફળ છે.

આ નિરાશાજનક ચિત્રમાં આશાનું કિરણ બાયો ટેકનોલોજી છે. બાયો ટેકનોલોજીની મદદથી ઓર્ગેનિક સીટી ગાર્બેજમાંથી કિંમતી કુદરતી ખાતર બનાવી શકાય છે જે રાસાયણિક ખાતરનો ઉત્તમ વિકલ્પ છે. તે જ કચરામાંથી બાયો મિથેનેશન પ્રક્રિયા દ્વારા બાયો ગેસ અને તેમાંથી વીજળીનું ઉત્પાદન શક્ય છે. પ્લાસ્ટિક અને કાગળ જેવા કચરાનું રિસાયક્લિંગ થઈ શકે છે. ઈલેક્ટ્રોનિક વેસ્ટ અને બેટરીઓમાંથી હેઝાર્ડસ મટિરિયલને બાયો લીચિંગ દ્વારા અલગ કરી કિંમતી ધાતુઓ મેળવી શકાય છે. આમ જે કચરો આજે ખર્ચનું કારણ છે તે જ આવતીકાલે મહાનગરપાલિકા માટે આવકનો સ્ત્રોત બની શકે છે. આ આફતને અવસરમાં પલટાવવાનો જાદુ હવે હાથવગો છે.

ગુજરાતમાંથી ભ્રષ્ટાચાર, આતંકવાદ કે કોમવાદની ગંદકી કદાચ એક વખત દૂર થઈ જશે પરંતુ કચરાની સમસ્યા વધુ જટિલ છે. જો યોગ્ય આયોજન થાય તો દરેક શહેરમાં વેસ્ટ ટુ એનર્જી અને વેસ્ટ ટુ કમ્પોસ્ટ પ્લાન્ટ સ્થાપી શકાય છે. અમદાવાદ જેવા શહેરમાં રોજનો સેંકડો ટન ઓર્ગેનિક કચરો જો ખાતરમાં ફેરવાય તો ખેડૂતોને સસ્તું ખાતર મળે અને પાલિકાને આવક થાય. જો દેશ ૧૨૫ કરોડથી વધુ નાગરિકો ધરાવતો દેશ કચરાના ઢગલા પર બેઠેલા દેશ તરીકે ન ઓળખાવો હોય તો આ અર્થશાસ્ત્રને સમજવું પડશે

છેવટે આ સમસ્યાનો ઉકેલ સરકાર કે મહાનગરપાલિકા એકલા હાથે લાવી શકે તેમ નથી. તેનો પાયો વ્યક્તિગત સ્વચ્છતામાં છે. દરેક ઘરમાં કચરાનું વર્ગીકરણ થવું જોઈએ. ભીનો કચરો, સૂકો કચરો અને જોખમી કચરો અલગ આપવાની ટેવ કેળવવી પડશે. ઓછામાં ઓછો કચરો પેદા કરવો તે દરેક નાગરિકની ફરજ બનવી જોઈએ. જો ઘર ઘરમાં જાગૃતિ આવશે તો જ ભાવનગર રાજકોટ જેવા શહેરો ખરા અર્થમાં સ્વચ્છ અને સુંદર બનશે અને ઉકરડા ખરા અર્થમાં આર્થિક સધ્ધરતાના સોપાન બનશે.

શબ્દ સંજોગ-૨૨૮૯



આડી ચાવી :
(૧) ખાખરો (૩)
(૪) અજર અને અમર (૫)
(૮) આ મટી એટલે વૈદ વેરી (૩)
(૧૦) લગ્ન પ્રસંગે વિધિ દરમિયાન રખાતો દીવો (૩)
(૧૧) બેનની દીકરી (૨)
(૧૨) કદાચ, કદાપી (૨)
(૧૫) આબરુ, સાચવવી તે (૪)
(૧૭) ભગવાન શ્રીરામના દાદાનુ નામ (૨)
(૧૮) જમીન ખોદવાનુ એક ઓજાર (૩)
(૨૦) મરનારની મિલકતનો હકદાર (૩)
(૨૧) કુબેરનો અનુચર (૨)
(૨૨) મુશ્કેલ, અઘરી (૩)
(૨૪) એક પક્ષી (૨)
(૨૫) 'ખબર-અંતર' થયા આ-અ (૬)
(૨૮) આપેલુ.....હંમેશા પાળો (૩)
(૩૦) એકની વાત બીજાને કહી દેવી તે (૨)
(૩૧) ઉજાસ, પ્રકાશ (૪)

ઉભી ચાવી :
(૨) તમારી.....હું સમજી શકુ છું. (૩)
(૩) બાણ, તીર (૨)
(૫) વૃધ્ધાવસ્થા (૨)
(૬) એક રાગ (૩)
(૭) ચાલીસ શેરનુ તોલ (૨)
(૯) એક પ્રાણી (૩)
(૧૧) ભારત દેશનુ લગતુ (૪)
(૧૩) ધોબીને ધોવા આપેલા લૂગડાની ગાંસડી (૨)
(૧૪) પોતાનુ (૨)
(૧૫) એક વિલાયતી દારૂ (૨)
(૧૬) ઈતિહાસ (૪)
(૧૭) સરસામાન (૪)
(૧૯) પાસુ, પડખુ (૨)
(૨૨) ઉંમર થાય એટલે મોં પર પડે જ (૪)
(૨૩) પડતી (૩)
(૨૫) અવાજ, ધ્વનિ (૨)
(૨૬) ..અપના - અપના (૩)
(૨૭) ચામડી (૨)
(૨૯) વહેળો, ગરનાળુ (૨)

શબ્દ સંજોગ-૨૨૮૮ જવાબ

આડી ચાવી: (૧) અંકોડો (૩) પોરબંદર (૬) લટાર (૮) ગમ (૯) લિબરલ (૧૧) ને (૧૨) દામ (૧૩) કાજ (૧૫) પાટી (૧૬) રક્ષા (૧૮) પરત (૨૧) રમા (૨૩) રમલ (૨૫) તાગ (૨૬) તંગલ (૨૮) તગજ(જગત) (૨૯) ટંકાર (૩૧) મગજ (૩૨) રસિક.
ઉભી ચાવી: (૧) અંબાલિકા (૨) ડોલર (૩) પોર (૪) બંગ (૫) દમદાટી (૭) ટાલ (૧૦) બજર (૧૪) છાપ (૧૫) પાતર (૧૭) ક્ષાર (૧૯) તેલ (૨૦) સીતારામ (૨૨) માતંગ (૨૪) મક્ષિકા (૨૭) ગજર (૨૮) તજ (૨૯) ટંક (૩૦) રવિ.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૭૮૫	૧૯૧૫
ઘઉં લોકવન	૫૯૬	૬૮૯
ઘઉં ટુકડા	૬૦૦	૭૪૦
જુવાર સફેદ	૧૪૮૯	૧૭૩૦
જુવાર લાલ	૧૧૦૫	૧૪૮૫
જુવાર પીળી	૫૧૧	૫૭૫
બાજરી	૪૩૩	૫૪૮
તુવેર	૧૪૪૦	૧૯૩૨
ચણા પીળા	૧૨૦૦	૧૫૧૦
ચણા સફેદ	૧૫૮૦	૨૪૫૦
અડદ	૧૫૫૦	૨૦૦૦
મગ	૧૫૦૦	૧૮૭૦
વાલ દેશી	૧૦૨૦	૧૫૦૦
ચોળી	૧૦૫૦	૨૧૫૦
વટાણા	૭૦૦	૧૦૭૧
રાજમા	૧૮૦૦	૨૩૬૦
સીંગદાણા	૧૭૭૫	૨૦૨૫
મગફળી જાડી	૧૨૫૦	૧૭૨૧
મગફળી જીણી	૧૩૧૦	૧૭૩૭
તલી	૨૨૦૦	૩૨૭૬
એરંડા	૧૩૩૦	૧૬૫૬
સોયાબીન	૧૨૫૦	૧૬૨૫
સીંગફાડા	૧૫૯૦	૧૮૪૦
કાળા તલ	૨૫૦૦	૪૦૦૦
લસણ	૧૧૨૧	૨૫૮૦
ધાણા	૨૬૫૦	૩૦૦૦
મરચા સુકા	૩૦૦૦	૫૨૦૦
ધાણી	૨૮૩૦	૩૦૫૦
વરીયાળી	૨૩૦૦	૨૮૧૧
જીરૂ	૪૫૨૦	૫૧૦૦
રાય	૧૬૦૦	૧૯૫૦
મેથી	૮૦૦	૨૧૮૩
અશેરીયો	૧૪૭૭	૧૪૭૭
કલોંજી	૪૫૫૦	૫૧૦૦
રાયડો	૧૪૯૦	૧૬૯૯
રજકાનું બી	૫૫૦૦	૮૩૭૫
ગુવારનું બી	૧૪૦૦	૧૬૦૦

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૧૩૧૭	૨૬૧૯
પપૈયા	૧૮૫	૩૮૯
બટેટા	૧૨૬	૩૫૧
ડુંગળી સુકી	૩૪૫	૮૭૦
ટમેટા	૨૧૧	૩૯૦
સુરણ	૪૨૨	૬૧૩
કોથમરી	૧૨૧૨	૧૪૨૩
મુળા	૩૧૫	૫૨૪
રીંગણા	૨૧૪	૩૨૭
કોબીજ	૬૨	૮૬
ફ્લાવર	૨૧૧	૪૦૬
ભીંડો	૫૯૪	૯૮૨
ગુવાર	૮૧૪	૧૨૩૨
ચોળાસીંગ	૫૮૮	૮૧૧
વાલોળ	૬૧૨	૮૩૫
ટીંડોળા	૧૭૫	૫૬૭
દુધી	૧૨૩	૨૧૨
કારેલા	૨૧૩	૩૯૭
સરગવો	૭૩૬	૧૪૪૧
તુરીયા	૬૧૭	૮૨૩
પરવર	૭૨૬	૯૯૨
કાકડી	૪૧૮	૮૨૬
ગાજર	૩૨૫	૪૯૨
વટાણા	૨૪૩૧	૩૦૭૮
તુવેરસીંગ	૬૧૮	૧૦૨૭
ગલકા	૪૬૫	૬૧૯
બીટ	૩૪૩	૫૫૮
મેથી	૪૨૯	૮૧૧
વાલ	૮૨૩	૧૦૮૦
ડુંગળી લીલી	૩૧૫	૫૨૧
આદુ	૧૨૨૪	૩૦૧૨
મરચા લીલા	૨૮૩	૬૯૨
હળદર લીલી	૬૧૭	૯૮૪
લસણ લીલું	૧૮૨૮	૩૫૩૧
મકાઇ લીલી	૧૫૪	૨૯૮

ગોંડલ

કપાસ	૧૨૦૧	૧૮૮૧
ઘઉં લોકવન	૬૧૪	૭૦૬
ઘઉં ટુકડા	૫૩૦	૮૭૨
સિંગદાણા જાડા	૧૭૪૧	૨૧૮૧
સિંગ ફાડીયા	૯૦૧	૨૦૪૧
એરંડા/એરંડી	૧૬૦૧	૧૭૧૬
તલ લાલ	૨૨૦૦	૨૯૨૧
જીરૂ	૨૩૦૧	૫૧૧૧
કલોંજી	૨૭૫૧	૪૯૧૧
ધાણા	૨૯૦૦	૩૨૭૧
ડુંગળી લાલ	૩૦૧	૧૦૭૧
અડદ	૮૫૧	૧૯૦૧
તુવેર	૭૭૬	૧૮૯૧
રાય	૧૯૩૧	૧૯૩૧
મેથી	૧૦૫૧	૧૭૯૧
તલ - તલી	૧૮૦૦	૩૧૯૧
ધાણી	૨૮૦૦	૩૨૫૧
બાજરો	૫૦૧	૫૨૧
જુવાર	૭૦૦	૧૮૬૧
મકાઇ	૫૧૧	૫૭૧
મગ	૧૩૨૬	૧૭૪૧
વાલ	૧૦૨૬	૧૬૧૧
ચોળા/ચોળી	૧૩૦૧	૨૧૨૧
સોયાબીન	૧૧૫૧	૧૫૦૧
ગોગળી	૯૭૧	૧૪૯૧
વટાણા	૩૯૧	૫૮૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૧૦૦	૪૦૦
મરચા	૨૦૦	૧૦૦૦
ગુવાર	૪૦૦	૧૪૦૦
કોબી	૨૦	૧૨૦
દુધી	૪૦	૨૦૦
ફ્લાવર	૫૦	૩૦૦
કાકડી	૨૦૦	૮૦૦
રીંગણા	૪૦	૨૦૦
ભીંડો	૩૦૦	૮૦૦
ગલકા	૨૦૦	૮૦૦
ગાજર	૪૦૦	૭૦૦
ટિંડોરા	૧૦૦	૭૦૦
તુવેર	૩૮૦	૧૦૦૦
વાલ	૪૦૦	૮૦૦
વટાણા	૧૬૦૦	૩૦૦૦
કેરી કાચી	૨૦૦૦	૩૦૦૦
બટેટા	૧૭૦	૨૬૦
આંબળા	૩૦૦	૮૦૦
લીલી હળદર	૮૦૦	૧૦૦૦
ડુંગળી પુરા	૮	૧૫
તાંજરીયા પુરા	૨	૬
કોથમીર પુરા	૩	૧૩
મૂળા પુરા	૪	૧૦
ચૂરણ	૪૦૦	૮૦૦
ઘીસોડા	૨૦૦	૭૦૦
લીંબુ	૮૦૦	૨૬૦૦
મેથી પુરા	૩	૧૫
બીટ પુરા	૧૦	૧૫
સરગવો પુરા	૧૦	૩૦
ચોરા	૧૮૦	૮૦૦
કારેલા	૧૮૦	૬૦૦
વાલોર	૨૦૦	૭૦૦
કાચા પપૈયા	૪૦	૨૦૦
આદુ	૧૦૦૦	૧૬૦૦
પાલક પુરા	૧	૧૧

અમરેલી

ગીરનારી શીંગ	૧૧૪૦	૧૫૫૦
શિંગ મોટી	૧૨૫૦	૧૬૬૫
તલ સફેદ	૨૦૫૦	૩૪૯૫
તલ કાળા	૨૫૦૦	૪૫૯૦
તલ કાશમીરી	૨૫૦૦	૨૯૨૫
ઘઉં ટુકડા	૪૯૫	૭૭૦
ઘઉં લોકવન	૫૮૦	૬૪૦
અડદ	૧૫૪૦	૧૯૫૦
ચણા	૧૨૪૫	૧૪૭૫
સફેદ ચણા	૧૦૧૫	૧૪૯૦
છોલે ચણા	૯૪૦	૧૪૬૦
કપાસ	૧૩૦૦	૧૯૨૦
એરંડા	૧૨૭૫	૧૫૫૫
જીરૂ	૪૪૧૦	૪૭૦૦
સોયાબીન	૧૦૦૦	૧૪૫૦
મેથી	૧૨૫૦	૧૪૦૦
ધાણી	૨૪૭૫	૩૦૦૦
બાજરો	૩૬૦	૬૨૫
શીંગદાણા ફાડા	૧૩૦૦	૧૭૯૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૨૦	૨૭૦
રીંગણા	૧૨૦	૩૦૦
ફ્લાવર	૧૪૦	૨૧૦
કોબીજ	૧૧૦	૧૬૦
શકકરીયા	૬૦૦	૬૫૦
ટમેટાં	૩૦૦	૩૫૦
સુરણ	૯૦૦	૧૦૦૦
ગાજર	૫૨૦	૬૩૦
દુધી	૧૫૦	૨૦૦
કારેલા	૪૦૦	૫૯૦
ગલકા	૪૦૦	૫૦૦
મૂળા	૨૧૦	૨૯૦
કાકડી	૪૦૦	૭૨૦
ગુવાર	૮૦૦	૧૨૩૦
વાલોળ	૫૦૦	૬૦૦
વટાણા	૨૮૩૦	૨૯૫૦
ચોળા લીલા	૫૦૦	૬૦૦
તુરીયા	૫૨૦	૬૩૦
ચીભડા	૪૫૦	૭૮૦
વાલ	૯૦૦	૧૦૦૦
ભીંડો	૬૦૦	૭૦૦
આદુ	૧૩૦૦	૧૪૦૦
કોથમીર	૮૦૦	૧૮૦૦
મેથીભાજી	૮૦૦	૧૦૦૦
ફોદીનો	૮૦૦	૯૦૦
ટીંડોરા	૫૦૦	૬૦૦
બીટ	૬૫૦	૭૦૦
લીલી તુવેર	૧૦૫૦	૧૨૩૦
સરગવો	૧૮૨૦	૨૦૫૦
લીમડો મીઠો	૧૮૦	૨૦૦
મરચાં લીલાં	૬૦૦	૯૦૦
મરચાં લાલ	૪૦૦	૭૦૦
ડુંગળી લીલી	૩૦૦	૪૬૦
ડુંગળી સુકી	૭૦૦	૮૦૦
લસણ લીલું	૩૦૦૦	૩૨૦૦
લસણ સુકું	૧૪૦૦	૨૦૫૦
પાલક	૬૦૦	૭૦૦
લીંબુ	૧૦૦૦	૨૨૦૦
મકાઈ	૨૧૦	૩૩૦

સાવરકુંડલા

શીંગ જીણી	૧૨૫૦	૧૭૧૧
શીંગ મોટી	૧૨૦૦	૧૬૩૧
તલ સફેદ	૨૫૦૦	૩૧૦૦
તલ કાળા	૩૨૫૦	૩૯૫૧
જીરૂ	૪૫૦૦	૪૮૪૦
કપાસ	૧૮૫૦	૧૯૨૦
ઘઉં લોકવન	૫૫૦	૬૨૦
ઘઉં ટુકડા	૫૯૦	૭૨૫
બાજરો	૩૫૦	૫૦૫
જુવાર	૧૨૦૦	૧૫૭૦
મગ	૧૨૦૦	૧૪૫૦
અડદ	૧૬૦૦	૨૦૧૧
ચણા	૧૨૦૦	૧૪૩૦
સોયાબીન	૧૨૭૦	૧૩૮૪

ધારી

કપાસ	૧૭૨૦	૧૮૯૦
મગફળી	૧૨૭૨	૧૫૦૦
ઘઉં	૫૧૧	૫૧૧
તુવેર	૧૭૭૫	૧૭૭૫
તલ	૨૫૦૦	૨૫૦૦
સોયાબીન	૧૧૯૦	૧૩૭૧
શીંગદાણા	૧૫૧૫	૧૬૮૦
એરંડા	૧૪૩૦	૧૫૦૦
ધાણા	૨૯૦૦	૨૯૨૫
મઠ	૪૭૦	૬૦૫
ચણા	૧૩૬૫	૧૪૧૭

બગસરા

કપાસ	૧૮૨૦	૧૯૨૪
ઘઉ લોકવન	૫૬૩	૬૧૧
ઘઉ ટુકડા	૬૦૧	૬૪૫
મેથી	૧૨૦૫	૧૨૦૫
મગફળી	૭૦૦	૯૫૦
ચણા	૧૨૯૧	૧૪૨૬
લસણ	૮૦૦	૧૬૦૦
ધાણા	૨૫૦૦	૩૧૦૦
સોયાબીન	૧૦૯૦	૧૩૩૬
તલ કાળા	૩૨૫૧	૪૦૦૦
અડદ	૧૪૩૫	૧૯૦૦
તલ સફેદ	૨૩૦૦	૩૨૦૦

બાબરા

કપાસ	૧૮૦૦	૧૯૪૦
કપાસ મીડીયમ	૧૭૧૦	૧૭૮૦
મગફળી	૧૩૮૦	૧૪૯૩
જીરૂ	૪૨૨૦	૫૧૮૦
મગ	૧૫૩૦	૧૮૭૦
સોયાબીન	૧૩૪૦	૧૩૬૦
તલ કાળા	૩૩૧૦	૩૬૫૦
તલ સફેદ	૨૮૩૦	૩૦૦૦

ભેંસાણ

કપાસ	૧૦૦૧	૧૯૧૬
ઘઉં	૪૮૦	૫૭૦
જુવાર	૧૦૯૬	૧૦૯૬
ચણા	૯૦૧	૧૩૯૧
અડદ	૧૦૦૧	૧૭૯૧
તુવેર	૧૮૦૧	૧૮૦૧
મગફળી	૯૦૦	૧૫૪૬
તલ સફેદ	૧૫૦૧	૩૦૦૧
ધાણા	૨૧૦૧	૩૦૦૧
સોયાબીન	૧૦૦૧	૧૫૪૧
જીરૂ	૩૦૦૧	૫૦૪૧
મેથી	૧૦૦૦	૧૦૦૦

મહુવા

શીંગ ગીરનાર	૧૧૦૦	૧૫૭૮
શીંગ ૬૬	૧૨૦૦	૧૯૫૭
શીંગ ૩૯	૯૦૦	૧૬૭૫
શીંગ જી-૨૦	૧૧૫૦	૧૬૪૯
જુવાર	૩૫૦	૧૬૭૨
બાજરી	૬૫૬	૧૫૫૦
ઘઉં ટુકડા	૫૨૧	૬૭૦
મકાઈ	૫૮૪	૬૫૮
અડદ	૧૨૮૦	૧૯૪૦
મગ	૯૦૦	૧૭૮૦
મેથી	૧૫૦૦	૧૫૦૦
ચણા	૫૮૦	૧૪૫૦
તલ સફેદ	૨૭૦૧	૩૧૫૦
તલ કાળા	૧૭૦૧	૪૨૫૦
ડુંગળી લાલ ન.	૧૦૧	૮૪૫
ડુંગળી લાલ જ.	૨૫૬	૭૬૯
ડુંગળી સફેદ જ.	૩૫૨	૫૨૬
કપાસ શંકર	૧૭૪૨	૧૮૦૦
નાળીયેર	૪૪૫	૩૦૯૫

કોડીનાર

મગફળી નવી	૧૩૬૦	૧૬૩૫
બાજરી હાઈબ્રીડ	૪૨૫	૫૪૦
ઘઉં	૫૧૧	૬૬૬
રાઈ	૧૫૦૦	૧૯૫૦
અડદ	૧૨૦૦	૧૯૨૨
સફેદ તલ	૨૫૦૦	૩૦૬૬
કાળા તલ	૨૦૦૦	૩૭૦૨
સોયાબીન	૧૧૪૦	૧૩૬૦
કપાસ	૧૭૦૦	૧૮૭૦
ડાંગર	૯૦૦	૧૦૨૮

જામનગર

બાજરી	૪૭૫	૫૨૨
ઘઉં	૬૧૩	૬૭૫
મગ	૧૫૬૦	૧૮૦૦
અડદ	૧૬૮૦	૧૯૬૦
ચોળી	૮૫૦	૯૦૦
ચણા	૧૩૮૦	૧૪૯૪
ચણા સફેદ	૧૬૦૫	૨૨૮૦
મગફળી જીણી	૧૩૦૦	૧૭૩૦
મગફળી જાડી	૧૨૦૦	૧૬૪૦
મગફળી 66 NUM	૧૫૦૦	૨૩૦૦
મગફળી 9 NUM	૧૭૦૦	૨૯૬૫
એરંડા	૧૪૦૦	૧૬૬૬
તલી	૨૫૦૦	૩૨૦૦
તલ કાળા	૨૫૦૦	૩૯૨૫
લસણ	૫૨૫	૨૫૫૦
કપાસ	૧૭૬૦	૧૯૧૫
જીરૂ	૩૫૦૦	૫૦૮૫
ડુંગળીસુકી	૩૦૦	૮૬૦
ડુંગળી નાસીક	૬૦૦	૧૦૩૦
શીંગદાણા	૧૪૦૦	૧૭૦૦
સોયાબીન	૧૨૦૦	૧૩૮૫
વટાણા	૭૬૦	૧૦૦૫
રાજમાં	૨૦૦૦	૨૦૨૦

ખાંભા

કપાસ	૧૭૪૫	૧૮૮૬
મગફળી	૧૧૭૬	૧૪૫૨
તલ સફેદ	૨૮૩૫	૨૮૩૫
સોયાબીન	૧૨૨૩	૧૩૦૧

લીલીયા મોટા

કપાસ	૧૭૫૯	૧૯૧૭
તલ સફેદ	૩૨૮૫	૩૨૮૫

રાજુલા

શીંગ	૧૨૦૦	૧૫૦૧
તલ સફેદ	૨૫૦૦	૩૧૦૦
તલ કાળા	૨૫૦૦	૩૭૦૦
કપાસ	૧૭૮૦	૧૯૦૦
બાજરો	૫૦૦	૫૭૬
ઘઉં ટુકડા	૫૫૦	૬૫૧
જુવાર	૧૪૦૦	૧૭૭૦
ચણા	૬૦૦	૧૫૦૦
સોયાબીન	૭૫૦	૧૩૨૫
રાય	૧૮૭૬	૧૮૭૬
કાંગ	૯૪૦	૯૪૦

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

રાજ્ય સરકારે સીએમ ફેલોશિપની સંખ્યા ૪૧ થી વધારી ૪૭ અને પ્રોજેક્ટની સંખ્યા ૨૦ થી વધારી ૪૫ કરી

ગાંધીનગર, તા. ૨૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે સુશાસનને વધુ અસરકારક બનાવવા અને સરકારી યોજનાઓના અમલીકરણમાં ગુણાત્મક સુધારા લાવવા સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશિપનો વ્યાપ વધારવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ નિર્ણય અંતર્ગત ફેલોની સંખ્યા ૪૧થી વધારીને ૪૭ અને પ્રોજેક્ટની સંખ્યા ૨૦ થી વધારીને ૪૫ કરવામાં આવી છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયથી રાજ્યના વિવિધ વિકાસલક્ષી ક્ષેત્રોમાં સંશોધન, નીતિ વિશ્લેષણ, વહીવટી સંકલન અને સરકારી યોજનાઓના મૂલ્યાંકનમાં યુવા પ્રતિભાઓની ભાગીદારી વધશે. આ કાર્યક્રમમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદને નોલેજ પાર્ટનર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. ફેલોશિપનો મુખ્ય હેતુ સંશોધન ક્ષમતા અને વિશ્લેષણાત્મક અભિગમ ધરાવતા યુવાનોને એકથી બે વર્ષ માટે રાજ્યના વહીવટી તંત્ર સાથે જોડીને સરકારી કામગીરીનો અનુભવ આપવાનો છે. શિક્ષણ, આરોગ્ય, પોષણ, કૃષિ, સામાજિક વિકાસ, શહેરી વહીવટ, પર્યાવરણ અને જાહેર વહીવટ સહિતનાં ક્ષેત્રોમાં અભ્યાસ કરવામાં આવશે.



બાળકોના સર્વાંગી વિકાસ માટે આંગણવાડી, પોષણ, એનિમિયા ઘટાડવા, બાળશિક્ષણ અને લાઇબ્રેરીઓ સાથે જોડાયેલા વિષયોનો સમાવેશ કરાયો છે. મધ્યાહ્ન ભોજન યોજના અને સંકલિત બાળ વિકાસ સેવા (આઈસીડીએસ)ને વધુ મજબૂત બનાવવા સેન્ટ્રલાઇઝ્ડ કિચન સુવિધાઓના વિસ્તરણ અંગે પણ અભ્યાસ થશે. આરોગ્ય ક્ષેત્રે સરકારી હોસ્પિટલોમાં પીએમજેએવાય-એમએ યોજનાના ક્લેમ અને આરોગ્ય સેવાઓના ઉપયોગ સંબંધિત પડકારોનું વિશ્લેષણ કરાશે. કૃષિ ક્ષેત્રે કુદરતી ખેતીના અમલીકરણ અને ખેડૂતો સુધી સરકારી યોજનાઓના લાભ પહોંચાડવામાં આવતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવામાં આવશે. 'વિકસિત ગુજરાત-૨૦૪૭'ના લક્ષ્યને ધ્યાનમાં રાખીને પુરાવા આધારિત નીતિ સંશોધન, ડેટા વિશ્લેષણ અને વિકાસલક્ષી પ્રોજેક્ટના નિરીક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે. જરૂરિયાત મુજબ કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઈ) આધારિત સાધનોનો ઉપયોગ પણ કરાશે, પરંતુ તૈયાર થયેલી માહિતીની મૂળ દસ્તાવેજો સાથે ચકાસણી કર્યા બાદ જ તેનો ઉપયોગ થશે. રાજકોટ મહાનગરપાલિકાની નાગરિક સેવાઓ સુધારવા, ફરિયાદોનું પુનરાવર્તન અટકાવવા અને ભાવનગરમાં ઘન તથા ભીના કચરાના પુનઃઉપયોગને પ્રોત્સાહન આપવા સંબંધિત પ્રોજેક્ટનો પણ આ વિસ્તૃત ફેલોશિપ કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

અમરેલી જિલ્લાના ૧.૯૩ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૩૮.૭૧ કરોડની સહાય મળશે

અમરેલી,તા.૨૯

અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના ૨૪મા હપ્તા અંતર્ગત ૧.૯૩ લાખથી વધુ ખેડૂત પરિવારોના બેંક ખાતામાં રૂ. ૩૮.૭૧ કરોડથી વધુની સહાય જમા થનાર છે.

આ યોજના અંતર્ગત ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતે રાષ્ટ્રીય કક્ષાના કિસાન ઉત્સવ દિવસનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વડાપ્રધાનની ઉપસ્થિતિમાં યોજનાનો ૨૪મો હપ્તો જાહેર કરવામાં આવશે અને તેનું જીવંત પ્રસારણ દેશભરમાં કરવામાં આવશે.યોજના હેઠળ ખેડૂત પરિવારોને દર વર્ષે રૂ. ૬,૦૦૦ની સહાય ત્રણ સમાન હપ્તામાં સીધા બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. દેશભરમાં ૯.૩૪ કરોડથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧૮,૬૮૦ કરોડથી વધુની સહાય મળવાની છે, જ્યારે ગુજરાતના ૫૨.૩૩ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧,૦૫૧ કરોડથી વધુની સહાય મળશે.અમરેલી જિલ્લામાં જિલ્લા કક્ષાએ તેમજ ૩૪ જિલ્લા પંચાયત બેઠકો દીઠ બે કાર્યક્રમો મળી કુલ ૬૮ સ્થળોએ કિસાન ઉત્સવ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોમાં વિવિધ સરકારી યોજનાઓના ૫,૧૦૦થી વધુ લાભાર્થીઓને રૂ. ૧૩ કરોડની સહાયના મંજૂરીપત્રોનું વિતરણ કરવામાં આવશે.

ઉપરાંત, ખેતી ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનારા ૩૪૦થી વધુ પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન કરવામાં આવશે. ખેડૂતોને આધુનિક ખેતી તરફ પ્રોત્સાહિત કરવા ફાર્મર રજિસ્ટ્રી, વિશિષ્ટ ખેડૂત ઓળખપત્ર, કૃષિ પ્રગતિ મોબાઇલ એપ્લિકેશન, ટ્રેક્ટર સહાય અને પ્રાકૃતિક ખેતી જેવી પહેલ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવશે.

ખેડૂતોને સરકારી યોજનાઓનો લાભ સરળતાથી મળે અને કૃષિ ક્ષેત્રે નવી ટેકનોલોજીનો ઉપયોગ વધે તે માટે આ કાર્યક્રમ મહત્ત્વપૂર્ણ બની રહેશે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના ૨૪મા હપ્તાની ૩૦ ઓક્ટોબરે જાહેરાત, જિલ્લામાં ૬૮ સ્થળોએ કિસાન ઉત્સવ દિવસની ઉજવણી

કચ્છમાં ખનિજ ચોરી સામે તંત્રની કાર્યવાહી, ચાર ડમ્પર ઝડપાયાં

કચ્છ,તા.૨૯

કચ્છ જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ગેરકાયદેસર ખનિજ ચોરી અને પરિવહન કરતા તત્ત્વો સામે મોડી રાત્રે કાર્યવાહી કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, નાયબ કલેક્ટર અભિષેક પ્રમોદ તાલે, ભચાઉના મામલતદાર અને ખાણ-ખનિજ વિભાગની સંયુક્ત ટીમ દ્વારા કચ્છના પ્રવેશદ્વાર ગણાતા સૂરજબારી ટોલ પ્લાઝા પર આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન રોયલ્ટી અને પાસ-પરમિટ વગર ખનિજનું પરિવહન કરતા ચાર ડમ્પર ઝડપાયાં હતાં.



તંત્ર દ્વારા ચારેય ડમ્પર સહિત કુલ રૂ. ૧ કરોડ ૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ મામલે ટ્રક માલિકો વિરુધ્ધ ગેરકાયદેસર ખનન અને ખનિજ પરિવહન અટકાવવાના કાયદા હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ડૉ. હર્ષ પંડ્યાના આપઘાત પ્રકરણમાં ફરાર ડૉ. નિરાલી વસાવાની ધરપકડ

સુરત,તા.૨૯

સુરતની નવી સિવિલ હોસ્પિટલના રેસિડેન્ટ તબીબ ડૉ. હર્ષ પંડ્યાના આપઘાત અને રેગિંગના પ્રકરણમાં ખટોદરા પોલીસે વધુ એક કાર્યવાહી કરતાં ફરાર ડૉ. નિરાલી વસાવાની ધરપકડ કરી છે. આ સાથે જ આ કેસમાં નામજોગ નોંધાયેલા ચારેય આરોપીઓ પોલીસની પકડમાં આવી ગયા છે. ડૉ. હર્ષ પંડ્યાના આપઘાતના બનાવથી તબીબી જગતમાં શોક અને રોષની લાગણી ફેલાઈ હતી. આ મામલે તપાસ કરી રહેલી ખટોદરા પોલીસે અગાઉ ૧૧ ઓક્ટોબરના રોજ મહિલા તબીબો ડૉ. દીક્ષિતા ઘેવરિયા અને ડૉ. હિના ભૂતની ધરપકડ કરી હતી. ત્યારબાદ ૧૩ ઓક્ટોબરના રોજ ડૉ. અનુજ મહેશ્વરીની ધરપકડ કરવામાં આવી હતી. હવે ડૉ. નિરાલી વસાવા ઝડપાતાં કેસમાં તમામ ચારેય આરોપીઓ સામેની પોલીસ કાર્યવાહી આગળ વધી છે. પ્રકરણમાં કાયદેસરની તપાસ ચાલુ છે.

ગોંડલ યાર્ડમાં મરચાની હરાજી કંતાનના વજનના વિવાદે અટકી

ગોંડલ,તા.૨૯

ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં સિઝનના મરચાની પ્રથમ આવકના પ્રારંભે જ કંતાનના વજનના મુદ્દે વિવાદ સર્જાયો હતો. યાર્ડમાં આશરે ૭૦૦ ભારી મરચાની આવક થઈ હતી, પરંતુ વજનમાં કાપકૂપના વિરોધમાં ખેડૂતોએ હરાજી અટકાવી દીધી હતી. ખેડૂતોના જણાવ્યા મુજબ, વેપારીઓ મરચાની ભારીનું વજન કરતી વખતે કંતાનના ૫૦૦ ગ્રામ બાદ કરે છે, જ્યારે એક કંતાનની કિંમત આશરે રૂ. ૧૨૦ છે. આથી



તસવીર : ભોજાણી દેવાંગ

ખેડૂતોને નુકસાન થતું હોવાની રજૂઆત કરવામાં આવી હતી. આશરે ૫૦ ખેડૂતોએ યાર્ડની કચેરી પાસે બેસીને વિરોધ નોંધાવ્યો હતો. ડિરેક્ટરો પ્રફુલભાઈ ટોળિયા, જીતુભાઈ જીવાણી, દલાલ મંડળના પ્રમુખ યોગેશભાઈ ક્યાડા અને સેક્રેટરી તરુણભાઈ પાંચાણીએ ખેડૂતોની રજૂઆતો સાંભળી હતી. ખેડૂતોએ કંતાન સહિત પૂરેપૂરું વજન કરવા અથવા કંતાન દીઠ રૂ. ૧૨૦ વળતર આપવાની માંગ કરી છે. માંગ સંતોષાય ત્યાં સુધી હરાજી નહીં થવા દેવાની ચીમકી આપી છે.

સુરતમાં દિલીપભાઈ સંઘાણીનું વિશેષ અભિવાદન, સહકાર માત્રપ્રવૃત્તિ નથી, રાષ્ટ્રનિર્માણનો પાયો છે: ભાલાળા

સુરત,તા.૨૯

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત દ્વારા આયોજિત ૧૮૩મા 'વિચારોના વાવેતર' કાર્યક્રમમાં ઇફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવએ લાઇન્સના ડિરેક્ટર તરીકે ચૂંટાતા તેમનું વિશેષ અભિવાદન કરાયું હતું. આ પ્રસંગે કાનજીભાઈ ભાલાળાએ સહકારને ભારતીય સંસ્કૃતિનો




હિસ્સો ગણાવી જણાવ્યું કે, શાહુકારોના શોષણમાંથી મુક્તિ અને આર્થિક પગભરતા માટે સહકારી મોડેલ અસ્તિત્વમાં આવ્યું છે. વિકસિત ભારતના નિર્માણમાં સહકારી ક્ષેત્ર મહત્ત્વનું રહેશે; અમૂલ, ઇફકો અને સુમુલ ડેરી તેના ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. આ પ્રસંગે ભાવેશભાઈ રાદડિયાનું પણ સન્માન કરાયું હતું. રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા સહિત વિવિધ સંસ્થાઓના અગ્રણીઓએ ઉપસ્થિત રહી સંઘાણીને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંકલન ભાવેશભાઈ રફાળીયા અને અંકિત સુરાણીએ કર્યું હતું.

ગીરના સાસણધામમાં અખંડ દીપ અષ્ટમ્ મહોત્સવ ભક્તિમય માહોલમાં સંપન્ન

ગીર સોમનાથ,તા.૨૯

ગીર સોમનાથ જિલ્લાના સાસણધામ સ્થિત સ્વામિનારાયણ મંદિરે અખંડ દીપના આઠ વર્ષ પૂર્ણ થતાં અષ્ટમ્ મહોત્સવ યોજાયો હતો. ભાવિ આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ, પૂજ્ય નટુ બાપા અને પ્રમોદ ભગતના સાનિધ્યમાં સત્સંગ, આરતી અને રાસોત્સવ યોજાયા હતા. મહોત્સવમાં હિન્દુ-મુસ્લિમ આગેવાનો સહિત હજારો



હરિભક્તો જોડાયા હતા. સાસણ ગામના વિવિધ સમાજના લોકોએ જ્ઞાતિભેદ ભૂલી એક પંગતે બેસીને મહાપ્રસાદ લીધો હતો. મહારાજે ભાઈચારો, પરસ્પર સન્માન અને સામાજિક એકતાનો સંદેશ આપ્યો હતો. સમગ્ર આયોજનમાં ગ્રામજનોએ સહયોગ આપ્યો હતો.

સૌરાષ્ટ્રમાં હાઇકોર્ટની બેંચ સ્થાપવાનો મુદ્દો ફરી ગરમાયો


રાજકોટ,તા.૨૦

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં હાઇકોર્ટની બેંચ સ્થાપવાના મુદ્દે રાજકારણ ફરી ગરમાયું છે. વિધાનસભાની ચૂંટણી દરમિયાન ભારતીય જનતા પાર્ટીએ સૌરાષ્ટ્રમાં હાઇકોર્ટની બેંચ સ્થાપવા માટે ચૂંટણી ઢંઢેરામાં વચનો અને જાહેરાતો કરી હતી. જોકે, ચૂંટણી પૂર્ણ થયા બાદ લાંબો સમય વીતી જવા છતાં આ દિશામાં કોઈ નક્કર કાર્યવાહી થઈ ન હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. આ મુદ્દે હવે વકીલ મંડળો અને રાજકોટ જિલ્લા બાર એસોસિએશન મેદાનમાં આવ્યા છે. જિલ્લા બાર એસોસિએશનના પ્રમુખે સરકારને ચૂંટણી દરમિયાન આપેલું વચન યાદ કરાવીને હાઇકોર્ટની બેંચના મુદ્દે યોગ્ય પગલાં લેવા માગણી કરી છે. આ મુદ્દે વકીલોમાં પણ ચર્ચા તેજ બની છે.

દ્રોણેશ્વર ગુરુકુળ પાસે રૂ. ૪.૯ કરોડના ફાટસર માઈક્રો ઈરિગેશન પ્રોજેક્ટનું ઉનાના ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત

ગીરગઢડા,તા.૨૯

ગીરગઢડા તાલુકામાં દ્રોણેશ્વર ગુરુકુળ પાસે રૂ. ૪.૯ કરોડના ખર્ચે નિર્માણ થનારા ફાટસર માઈક્રો ઈરિગેશન પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના હસ્તે કરવામાં આવ્યું હતું. ગીર સોમનાથ જિલ્લાના સિંચાઈ વિભાગ દ્વારા હાથ ધરાનારા આ પ્રોજેક્ટમાં દ્રોણેશ્વર પિક-અપ વીયર આધારિત ફાટસર માઈક્રો



તસવીર : કૈલેશ ભટ્ટ

ઈરિગેશન સિસ્ટમ વિકસાવાશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ દ્વારકાદાસભાઈ દોમડીયા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ કાળુભાઈ રૂપાલા, ગીરગઢડા તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ રાખોલીયા, ગીરગઢડા તાલુકા પંચાયત પ્રમુખ માનભાઈ મકવાણા સહિત સ્થાનિક આગેવાનો, જિલ્લા-તાલુકા પંચાયતના પદાધિકારીઓ, સંગઠનના હોદેદારો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

-:: જાહેર નોટીસ ::-

કોડીનાર ના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં

મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૧૭૨ / ૨૦૨૬

મુદત તારીખ - ૦૪/૧૧/૨૦૨૬

અરજદાર :- વાઢેળ રતનબેન કરશનભાઈ..
રહે. જંત્રાખડી,તા. કોડીનાર,જી.ગીરસોમનાથ
વિધ્વાન વકીલ શ્રી વી. બી. સોસા.

વિરૂધ્ધ

સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી, જંત્રાખડી ગ્રામ પંચાયત કચેરી
મું- જંત્રાખડી,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર વાઢેળ રતનબેન કરશનભાઈ, રહે. જંત્રાખડી, તા. કોડીનાર, જી.ગીરસોમનાથ વાળાએ તેમના પુત્રી સંગીતાબેન કરશનભાઈ નુ જન્મ તા. ૨૫/૦૪/૧૯૯૨ ના રોજ જંત્રાખડી, તા. કોડીનાર, જી. ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબત ની અરજી દાખલ કરી જન્મ અંગેનુ પ્રમાણ પત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ -૦૪/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો..

આજ તારીખ ૧૯/૧૦/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.આર.ચૌહાણ) (આસીસ્ટન્ટ)

મુકાબલ કરનાર સહી (એ.જી.ચૌહાણ) (સુપ્રિટેન્ડેન્ટ)

કોર્ટનો સિક્કો

હુકમથી સહી (કે. એચ. બારડ) ઇન્ચા. (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

ઓમાન નજીક માંડવીના જહાજ પર ડ્રોન હુમલો થતા બે ખલાસી ઈજાગ્રસ્ત, ૧૧ સુરક્ષિત

ભૂજ,તા.૨૯

ઓમાન નજીક દરિયામાં સફર કરી રહેલા કચ્છના માંડવીના એક ભારતીય જહાજ પર અચાનક ડ્રોન હુમલો થયો હતો. ઈરાન અને ઇઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુધ્ધની અસર દરિયાઈ વેપાર પર જોવા મળી છે.

જહાજમાં કુલ ૧૩ ખલાસીઓ સવાર હતા, જેમાંથી ૧૧ ખલાસીઓને સુરક્ષિત રીતે બચાવી લેવાયા છે. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા ૨ ખલાસીઓને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.



હુમલો કોણે કર્યો, જહાજ ક્યાં જઈ રહ્યું હતું અને કેટલું નુકસાન થયું તે અંગે સત્તાવાર માહિતીની રાહ જોવાઈ રહી છે. આ ઘટનાથી દરિયાઈ માર્ગે કામ કરતા ભારતીય ખલાસીઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

અવસાન નોંધ

સાવરકુંડલા

સ્વ.પરશોતમભાઈ ઠાકરશીભાઈ રાઠોડ (ઉં.વ.૬૯) નું તારીખ:૨૬/૧૦/૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ડો.રવિભાઈ પરષોત્તમભાઈ રાઠોડના પિતા શ્રી, દલસુખભાઈ ઠાકરશીભાઈ ના ભાઈ, સ્વ.મેઘજીભાઈ મુળજીભાઈ ચોંડીગળાના જમાઈ, જયસુખભાઈ મેઘજીભાઈ ચોંડીગળા, ઉમેશભાઈ મેઘજીભાઈ ચોંડીગળાના બનેવી થાય છે. તેમનું સદ્ગતનું સંયુક્ત બેસણું તારીખ:૩૦/૧૦/૨૬ ને શુક્રવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે નેસડી રોડ ખોડિયાર નગર સાવરકુંડલા ખાતે રાખેલ છે.

ગ્રામ પંચાયત કચેરી, ચિત્રાસર, તા. જાફરાબાદ

જાહેર નિવિદા

નં./બાંધ/અપસેટ/વશી/૧૦/૨૦૨૬ બાંધકામ શાખા,
તાલુકા પંચાયત કચેરી, જાફરાબાદ તા.૦૩/૧૦/૨૦૨૬

આથી જાહેર હરરાજીથી ઈમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવીદાથી જાણ કરવામાં આવે છે કે, ગ્રામ પંચાયત કચેરી- ચિત્રાસર ગામે રાજીવગાંધી ભવનની બાજુમાં આવેલ ઓરડો જુનો જર્જરીત હાલતમાં છે. જેને પાડી જમીન સમથળ કરી આપવી જેની નોંધ લઈ જાહેર હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવું.

જુનો જર્જરીત ઓરડાની અંદાજે અપસેટ પ્રાઈઝ રૂ.૧૨,૦૦૦/- અંકે રૂપિયા બાર હજાર પુરા નક્કી કરવામાં આવેલ છે. ઈમલાની જાહેર હરરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વિગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓનો રહેશે.

તારીખ : ૦૪/૧૧/૨૦૨૬ને બુધવાર
સમય : બપોરે ૧૨:૩૦ કલાકે
સ્થળ : ગ્રામ પંચાયત કચેરી, ચિત્રાસર, તા. જાફરાબાદ

તલાટી કમ મંત્રી ગ્રામપંચાયત કચેરી ચિત્રાસર, તા. જાફરાબાદ


સરપંચ ગ્રામપંચાયત કચેરી ચિત્રાસર, તા. જાફરાબાદ

મુંબઈના વિરારમાં બંધ ફ્લેટમાંથી ત્રણ ભાઈ-બહેનના મૃતદેહ મળતા ખળભળાટ મચ્યો

મહારાષ્ટ્રા,તા.૨૯

મહારાષ્ટ્રના વિરાર પશ્ચિમ સ્થિત ગ્લોબલ સિટીના **K3K** એવન્યુ બિલ્ડિંગના ફ્લેટ નંબર ૧૨૦૩ માંથી દુર્ગંધ આવતા રહેવાસીઓએ પોલીસને જાણ કરી હતી.

બોલિંજ પોલીસે દરવાજો ખોલીને તપાસ કરતા ૪૫ થી ૫૦ વર્ષની વયજૂથના ત્રણ ભાઈ-બહેનના મૃતદેહ મળી આવ્યા હતા.




પ્રાથમિક તપાસ મુજબ, મૃતકોમાંના એક ભાઈ કુમાર મહેતા કેન્સરથી પીડાતા હતા અને પરિવાર ભારે આર્થિક સંકટનો સામનો કરી રહ્યો હતો. આથી આર્થિક તંગી અને બીમારીથી કંટાળીને ત્રણેયે ઝેર પીને આત્મહત્યા કરી હોવાની પોલીસને શંકા છે. ઘટના સ્થળેથી પોલીસને એક મોબાઈલ વિડિયો પણ મળ્યો છે, જે આત્મહત્યાનો હોવાનું જણાય છે.

પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. નોંધનીય છે કે, આ જ બિલ્ડિંગમાં એક વર્ષમાં આત્મહત્યાની આ ત્રીજી ઘટના સામે આવી છે.

ગટર સફાઈ દરમિયાન મૃત્યુ પામેલા કામદારોના પરિવારોને ૩.૩૦ લાખનું વળતર આપવા સુપ્રીમ કોર્ટનો નિર્દેશ

નવી દિલ્હી, તા.૨૯

સુપ્રીમ કોર્ટે ગટર અને સેપ્ટિક ટાંકીની સફાઈ દરમિયાન મૃત્યુ પામેલા કામદારોના પરિવારોને રૂ. ૩૦ લાખનું વળતર આપવાના અગાઉના આદેશનો કડક અમલ કરવા તમામ સંબંધિત રાજ્યો અને અધિકારીઓને નિર્દેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે તેના આદેશોનું પાલન નહીં કરનાર રાજ્યો અને અધિકારીઓ સામે ગંભીરતાથી કાર્યવાહી કરવામાં આવશે. સુનાવણી



દરમિયાન કોર્ટે ૧૫ રાજ્યો દ્વારા રજૂ કરાયેલા અહેવાલોની તપાસ કરી હતી. આ અહેવાલોમાં મૃતક કામદારોના પરિવારોને વળતર ચૂકવવા, પ્રથમ માહિતી અહેવાલ નોંધવા અને મૃત્યુ માટે જવાબદાર લોકો સામે ફોજદારી કાર્યવાહી કરવા અંગેની વિગતો સામેલ હતી. જોકે, કેટલાક કિસ્સાઓમાં વળતર મંજૂર થયું હોવા છતાં પરિવારોને ખરેખર રકમ મળી છે કે નહીં તે સ્પષ્ટ થયું નહોતું. કેટલીક ઘટનાઓમાં પ્રથમ માહિતી અહેવાલ નોંધવાની સ્થિતિ પણ અસ્પષ્ટ હતી. આથી, સુપ્રીમ કોર્ટે સંબંધિત રાજ્યોને ચાર અઠવાડિયામાં નવા અહેવાલો રજૂ કરવા જણાવ્યું છે. અહેવાલોમાં વળતરની ચૂકવણી, પોલીસ ફરિયાદ અને જવાબદાર લોકો સામે લેવાયેલા પગલાંની વિગતો આપવી પડશે. કોર્ટે વધુમાં સ્પષ્ટ કર્યું કે કોઈ કામદાર ખાનગી કોન્ટ્રાક્ટર કે સંસ્થા માટે કામ કરતી વખતે મૃત્યુ પામે તો પણ રાજ્ય પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. રાજ્યએ પીડિત પરિવારને વળતર મળે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. ત્યારબાદ જવાબદાર પક્ષ પાસેથી વળતરની રકમ વસૂલ કરી શકાશે.

મસ્જિદમાં નમાજની પરવાનગી આપવા કેન્દ્ર પર દબાણ ન કરી શકાય: દિલ્હી હાઈકોર્ટ

દિલ્હી,તા.૨૯

દિલ્હી હાઈકોર્ટે રેસકોર્સ મસ્જિદમાં નમાજની મંજૂરી આપવાનો આદેશ આપવાનો ઇનકાર કર્યો છે. વિસ્તારમાં તોડી પાડવાની કામગીરી ચાલુ હોવાથી જાહેર સલામતીને ધ્યાનમાં રાખીને કોર્ટે જણાવ્યું કે સરકારને પરવાનગી આપવા દબાણ કરી શકાય નહીં.

કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું કે વક્ફ બોર્ડની અરજી પર નિર્ણય ન આવે ત્યાં સુધી ૧૫૦ વર્ષ



જૂની આ મસ્જિદ તોડવામાં નહીં આવે, પરંતુ સુરક્ષાના કારણે પ્રવેશ બંધ રખાયો છે. હાઈકોર્ટે સરકારની આ દલીલ માન્ય રાખી સ્ટેટસ રિપોર્ટ મંગાવ્યો છે.

NEET પેપર લીક કેસમાં ૧૪ આરોપીઓ સામે ચાર્જ ફ્રેમ કરવા અંગે કોર્ટે આદેશ અનામત રાખ્યો

નવી દિલ્હી,તા.૨૯

નીટ-યુજી (**NEET-UG**) પેપર લીક કેસમાં દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે ૧૪ આરોપીઓ સામે આરોપો (ચાર્જ) ઘડવા અંગેનો પોતાનો આદેશ અનામત રાખ્યો છે. સ્પેશિયલ કોર્ટ આ મામલે ૧૮ નવેમ્બરે પોતાનો ચુકાદો સંભળાવશે, જે આગળની ન્યાયિક કાર્યવાહી નક્કી કરશે.

સેન્ટ્રલ બ્યુરો ઓફ



ઈન્વેસ્ટિગેશન (**CBI**) એ મે ૨૦૨૪ માં કેસ નોંધીને તપાસ શરૂ કરી હતી. સીબીઆઈએ શરૂઆતમાં જુલાઈમાં ૧૩ આરોપીઓ સામે મુખ્ય ચાર્જશીટ દાખલ કરી હતી, જેની કોર્ટે ઓગસ્ટમાં નોંધ લીધી હતી. ત્યારબાદ, ૧૪મા આરોપી શેષરાવ બજરંગ સૂર્યવંશી સામે પૂરક ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. કોર્ટે તમામ પુરાવાઓની તપાસ પૂર્ણ કર્યા બાદ આદેશ અનામત રાખવાનો નિર્ણય લીધો છે. જો કોર્ટ આરોપો મંજૂર કરશે, તો તમામ ૧૪ આરોપીઓ સામે ઔપચારિક કેસ ચલાવવામાં આવશે.

પ્રયાગરાજમાં જમીનમાં દાટેલા ડ્રમમાંથી રૂ. ૫ કરોડ રોકડા મળતા પોલીસ ચોંકી

પ્રયાગરાજ,તા.૨૯

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ સ્થિત નવાબગંજ વિસ્તારના બારાઈપુર ગામમાં મુંબઈ અને પ્રયાગરાજ પોલીસના સંયુક્ત સર્ચ ઓપરેશન દરમિયાન ચોંકાવનારી ઘટના સામે આવી છે. પોલીસે એક ઘરમાં દરોડો પાડી જમીનમાં દાટેલા ત્રણ વાદળી ડ્રમ જપ્ત કર્યા હતા. આ ડ્રમ ખોલતાં તેમાંથી રૂ.૫૦૦ ની નોટોના બંડલો મળી આવ્યા હતા, જેની કિંમત રૂ.૪ થી ૫ કરોડ હોવાનો અંદાજ છે.

આ મામલે પોલીસે ચાર લોકોની અટકાયત કરી પૂછપરછ શરૂ કરી છે. પ્રાથમિક માહિતી મુજબ, મુંબઈ પોલીસ કોઈ ગુનાહિત કેસના આરોપી રાકેશ યાદવની ધરપકડ કરવા આવી હતી. સ્થાનિકો અનુસાર, પરિવારના સભ્યો લોકડાઉન દરમિયાન પુણેથી આ રકમ લાવ્યા હોવાની શંકા છે. હાલ પોલીસે નાણાં જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

ઉત્તરાખંડમાં હિમવર્ષા અને વરસાદથી ઠંડી વધતા પ્રવાસીઓની મુશ્કેલી વધી

દેહરાદુન,તા.૨૯

ઉત્તરાખંડના પર્વતીય વિસ્તારોમાં ભારે હિમવર્ષા અને વરસાદને કારણે સમગ્ર રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધી ગયું છે. ગંગોત્રીથી ગોમુખ તેમજ બદ્રીનાથ અને કેદારનાથ ધામમાં બરફની સફેદ ચાદર છવાઈ ગઈ છે, જેથી દર્શનાર્થે પહોંચેલા શ્રધ્ધાળુઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. બીજી તરફ, 'પર્વતોની રાણી' મસૂરીમાં



સવારથી શરૂ થયેલા વરસાદને કારણે તાપમાનમાં ભારે ઘટાડો નોંધાયો છે, જેનાથી સ્થાનિક જનજીવન અને પ્રવાસીઓની અવરજવર પ્રભાવિત થઈ છે.

હવામાન વિભાગે દહેરાદૂન, ઉત્તરકાશી, ચમોલી અને રુદ્રપ્રયાગ સહિત ૯ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ તથા ૩૫૦૦ મીટરથી વધુ ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષાની આગાહી કરી છે. ઉપરાંત, ૧૦ જિલ્લાઓમાં વાવાઝોડું, વીજળી અને ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની ચેતવણી પણ જારી કરવામાં આવી છે.

બિહારમાં આંતરિક જૂથવાદ અને મહાગઠબંધનની ખેંચતાણ વચ્ચે કોંગ્રેસનું ભવિષ્ય ધુંધળુ થયું

પટણા,તા.૨૯

બિહારના રાજકારણમાં કોંગ્રેસ પક્ષ આંતરિક જૂથબંધી અને મહાગઠબંધનમાં અસંતોષના કારણે બેવડા સંકટમાં સપડાઈ છે. તાજેતરમાં યોજાયેલી **MLC** ચૂંટણીની ૮ બેઠકો પર **RJD** સાથે યોગ્ય સંકલન ન થતાં મહાગઠબંધનને ભારે નુકસાન વેઠવું પડ્યું છે. **RJD** એ સાથી પક્ષોની અવગણના કરીને



ઉમેદવારો જાહેર કર્યા હતા, જેના જવાબમાં કોંગ્રેસે પણ પોતાના ઉમેદવારો ઉતાર્યા હતા.

પરિણામે, કોંગ્રેસના તમામ પાંચ ઉમેદવારોનો પરાજય થયો હતો, જ્યારે **RJD** માત્ર એક જ બેઠક જીતી શક્યું હતું. આ અગાઉ ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણીમાં પણ **RJD** અને કોંગ્રેસ વચ્ચે યોગ્ય તાલમેલ ન હોવાના કારણે કોંગ્રેસે ૬૧માંથી માત્ર ૬ બેઠકો પર જીત મેળવી હતી. પક્ષમાં જૂના અને નવા નેતાઓ વચ્ચેના વર્ચસ્વની લડાઈ અને ગઠબંધનના ધર્મના અભાવને કારણે બિહારમાં કોંગ્રેસનું રાજકીય ભવિષ્ય વધુ કથળતું દેખાઈ રહ્યું છે.

ટાઈગર શ્રોફ પર હુમલો કરવા શૂટર્સે ઝિગાના પિસ્તોલ અને દારૂગોળો ખરીદ્યો હોવાનો ખુલાસો

મુંબઈ,તા.૨૯

મુંબઈના જુહુ વિસ્તારમાં અભિનેતા ટાઈગર શ્રોફ પર થયેલા ગોળીબારના કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે મોટો ખુલાસો કર્યો છે. તપાસ મુજબ, લોરેન્સ બિશ્નોઈ ગેંગના સહયોગી અનિલ પંડિતના કહેવાથી શૂટર્સે અમૃતસરથી રૂ.૨.૫૦ લાખમાં ઝિગાના પિસ્તોલ અને ૨૦ રાઉન્ડ દારૂગોળો ખરીદ્યો હતો.



ક્રાઈમ બ્રાન્ચે હોસ્પિટલમાં ટાઈગર શ્રોફનું વિગતવાર નિવેદન નોંધ્યું છે, જેમાં તેણે હુમલા પહેલાં કોઈ ધમકી મળી હોવાનો ઇનકાર કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શૂટર્સ પહેલાં અભિનેતા આમિર ખાનને નિશાન બનાવવા માંગતા હતા અને તેના ઘરની રેકી પણ કરી હતી. પરંતુ સફળતા ન મળતા તેમણે ટાઈગર શ્રોફને નિશાન બનાવ્યો હતો.

અભિનેતા ઋત્વિક રોશને ભૂતપૂર્વ પત્ની સુઝાન ખાનને શ્રેષ્ઠ માતા ગણાવી

મુંબઈ,તા.૨૯

અભિનેતા ઋત્વિક રોશને સોશિયલ મીડિયા પર ભૂતપૂર્વ પત્ની સુઝાન ખાનને જન્મ દિવસની શુભેચ્છા પાઠવી હતી. તેણે સુઝાનના વખાણ કરતા તેને પોતાના પુત્રો હેહાન અને હધાન માટે 'શ્રેષ્ઠ માતા' ગણાવી હતી.



ઋત્વિકે સુઝાનના સકારાત્મક દ્રષ્ટિકોણ અને તેના કામ 'ધ ચારકોલ પ્રોજેક્ટ' ની પ્રશંસા કરીને તેના ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

ભારત સમગ્ર વિશ્વને પોતાનો પરિવાર માને છે : રાજનાથ સિંહ

સિંગાપુર,તા.૨૯

સિંગાપુર ખાતે ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતું કે ભારત વિશ્વનો એકમાત્ર એવો દેશ છે જે સમગ્ર વિશ્વને પોતાનો પરિવાર ગણે છે. દેશની આર્થિક પ્રગતિ અંગે વાત કરતા તેમણે ઉમેર્યું કે ભારત હાલ વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને ટૂંક સમયમાં જ ટોચની



ત્રણ અર્થવ્યવસ્થાઓમાં સ્થાન મેળવશે. જો પશ્ચિમ એશિયામાં વૈશ્વિક કટોકટી સર્જાઈ ન હોત તો ભારતે આ સિદ્ધિ વહેલી હાંસલ કરી લીધી હોત.

સુરક્ષાના સવાલ પર 'ઓપરેશન સિંદૂર'નો ઉલ્લેખ કરતા તેમણે સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે ભારત હવે નબળો દેશ નથી. ભારત સામેથી કોઈને ઉશ્કેરતું નથી, પરંતુ જો કોઈ ભારતને છંછેડે તો તેને છોડવામાં પણ આવતું નથી.

ચક્રવાત અર્નબનો કહેર: ઓડિશાનાં ૩૦૦ ગામોમાં પૂર, આંધ્રપ્રદેશમાં રાહતકાર્ય તેજ કરવાના આદેશ

ભુવનેશ્વર, તા.૨૯

ચક્રવાત અર્નબના કારણે ઓડિશા અને આંધ્રપ્રદેશમાં ભારે વરસાદ તથા પૂરની સ્થિતિ ગંભીર બની છે. ઓડિશાના ગંજમ જિલ્લામાં આશરે ૩૦૦ ગામોમાં પાણી ભરાતાં જનજીવન ખોરવાયું છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે એરલિફ્ટ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે. પ્રથમ તબક્કામાં આશરે ૧૨૦ લોકોને હવાઈ માર્ગે સુરક્ષિત સ્થળે ખસેડવાની યોજના છે. જોકે, સતત વરસાદ અને નીચા વાદળોને કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલી પડી શકે છે.



ગંજમ જિલ્લાના સોરડા, સનાખેમુન્ડી અને આસ્કા સહિતના વિસ્તારોમાં પૂરથી વધુ અસર થઈ છે. ઋષિકુલ્યા નદીમાં પાણીનું સ્તર વધતાં નજીકનાં ગામોમાં પાણી ભરાયાં છે. એનડીઆરએફ અને ઓડિશાની આપત્તિ રાહત ટીમો બચાવ કામગીરીમાં જોડાઈ છે.

બીજી તરફ, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ અધિકારીઓને રાહતકાર્ય ઝડપી બનાવવા, વીજળી પુરવઠો પુનઃસ્થાપિત કરવા અને નુકસાનનું મૂલ્યાંકન કરીને અસરગ્રસ્ત ખેડૂતોને સમયસર વળતર આપવા સૂચના આપી છે. રસ્તાઓ પરથી વૃક્ષો અને કાટમાળ દૂર કરવા પણ આદેશ અપાયા છે.

સ્પેનમાં બે હાઈ-સ્પીડ ટ્રેનો વચ્ચે થયેલા ભયાનક અકસ્માતમાં ૬૪ લોકોના મોત

વડાપ્રધાન પેડ્રો સાંચેઝે આ ઘાતક ટ્રેન અકસ્માત પર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી

મેડ્રિડ,તા.૨૯

યુરોપિયન દેશ સ્પેનના મેડ્રિડ દક્ષિણ વિસ્તારમાં ટોલેડો નજીક બે હાઈ-સ્પીડ ટ્રેનો વચ્ચે સર્જાયેલા દર્દનાક અકસ્માતમાં અત્યાર સુધીમાં ૬૪ લોકોના મોત થયા છે. આ દુર્ઘટનામાં વ્યાપક વિનાશ થયો છે અને સ્થાનિક



પ્રાદેશિક વહીવટીતંત્રે મૃત્યુઆંક હજુ પણ વધવાની આશંકા વ્યક્ત કરી છે. સ્પેનના વડા પ્રધાન પેડ્રો સાંચેઝે આ ઘાતક ટ્રેન અકસ્માત પર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તેઓ આ ઘટનાથી ભારે આઘાત પામ્યા છે અને પરિવહન મંત્રાલય તથા સ્થાનિક સત્તાવાળાઓ સાથે સતત સંપર્કમાં છે.

પીડિતોને તમામ શક્ય રાહત અને મદદ પૂરી પાડવા માટે કટોકટી સેવાઓ કાર્યરત છે. સ્પેનના હાઈ-સ્પીડ રેલ નેટવર્ક પર આ વર્ષે સર્જાયેલી આ બીજી ટક્કર છે, જેને પગલે સમગ્ર દેશમાં શોકની લહેર ફરી વળી છે.

દેવા માફી અને રાહત પેકેજની ઉગ્ર માંગ ઉઠી

અમરેલી જિલ્લાના ખેડૂતો પર કુદરતી આફતનો માર

આર્થિક સંકટ વચ્ચે સરકાર તાત્કાલિક સહાય જાહેર કરે તે જરૂરી



મયુર પંડ્યા
અમરેલી,તા.૨૯

અમરેલી જિલ્લામાં કુદરતી પ્રતિકૂળ પરિસ્થિતિઓનો સામનો કરી રહેલા ખેડૂતો સામે આર્થિક સંકટ ઘેરું બન્યું છે. ચોમાસા દરમિયાન વરસાદના લાંબા વિરામને કારણે ખેતીકામ ખોરવાતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. અમરેલી જિલ્લામાં અનેક ખેડૂતોના પાકને નુકસાન થતાં તેમની આર્થિક સ્થિતિ કથળી હોવાનું સામે આવી રહ્યું છે. મોંઘા ભાવે બિયારણ, ખાતર અને અન્ય ખેતીસામગ્રી ખરીદીને વાવણી કરનારા ખેડૂતોને હવે ઉત્પાદનની આશા ઓછી થતાં આગામી ખેતીની સિઝન અંગે પણ ચિંતા સતાવી રહી છે.

ખેડૂતોએ ચોમાસાની શરૂઆતમાં સારા પાકની આશા સાથે ખેતીમાં નાણાંનું રોકાણ કર્યું હતું. જોકે, લાંબા સમય સુધી વરસાદ ન પડવાની પરિસ્થિતિએ ખેતીને અસર પહોંચાડી છે. પરિણામે ઊભા પાકને નુકસાન થવાથી ખેડૂતોની મહેનત અને ખર્ચ પર પાણી ફરી વળ્યું હોવાની લાગણી પ્રવર્તી રહી છે. બીજી તરફ, પૂરતી પિયતની સુવિધા ન હોવાથી શિયાળુ અને ઉનાળુ પાકનું નવું વાવેતર કરવું પણ અનેક ખેડૂતો માટે મુશ્કેલ બન્યું છે. ખાસ કરીને બિનપિયત ખેતી પર નિર્ભર સામાન્ય ખેડૂતોની સ્થિતિ વધુ કફોડી બની છે. આગામી સિઝનમાં ખેતી કેવી રીતે કરવી અને તેના માટે નાણાં ક્યાંથી લાવવા તેવા પ્રશ્નો ખેડૂતોને સતાવી રહ્યા છે.ખેતીના ખર્ચને પહોંચી વળવા માટે અનેક ખેડૂતોએ રાષ્ટ્રીયકૃત બેંકો અને સ્થાનિક સહકારી મંડળીઓમાંથી ધિરાણ લીધું હતું. હવે પાકને નુકસાન થતાં આવક ઘટવાની ભીતિ વચ્ચે લોનના હપ્તા અને દેવાની ચુકવણીની ચિંતા વધી છે. ખેતીમાં કરેલા ખર્ચની સામે પૂરતી આવક ન મળવાની સ્થિતિ સર્જાતાં ખેડૂત પરિવારો આર્થિક ભીંસનો સામનો કરી રહ્યા છે. દેવાના બોજ અને અનિશ્ચિત ભવિષ્યને કારણે ખેડૂતોમાં ચિંતા તથા માનસિક તણાવ વધતો હોવાની લાગણી વ્યક્ત થઈ રહી છે. આવી સ્થિતિમાં ખેડૂતોને સમયસર આર્થિક સહાય અને યોગ્ય માર્ગદર્શન મળે તે જરૂરી બન્યું છે. ખેડૂતોની મુશ્કેલીઓ અંગે વહીવટી તંત્ર અને સરકાર સંવેદનશીલ બની તાત્કાલિક પગલાં લે તેવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે. જો ખેડૂતોની માગણીઓ અંગે સમયસર યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે, તો આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ આપવામાં આવી રહી છે. હવે સરકાર ખેડૂતોના હિતમાં કયા પગલાં લે છે અને આર્થિક સંકટમાંથી બહાર કાઢવા કેવા રાહતલક્ષી નિર્ણયો કરે છે તેના પર ખેડૂતોની નજર મંડાયેલી છે.

દેવા માફી અને વિશેષ રાહત પેકેજની માંગ તેજ

અમરેલી પંથકના ખેડૂતોમાં સરકારની નીતિઓ અને રાહતના અભાવને લઈને અસંતોષ જોવા મળી રહ્યો છે. ખેડૂતોની માંગ છે કે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર તાત્કાલિક હસ્તક્ષેપ કરે અને અસરગ્રસ્ત ખેડૂતોને પૂરતી આર્થિક સહાય પૂરી પાડે. ભૂતકાળમાં ખેડૂતોને દેવા માફી આપવામાં આવી હતી અને મહારાષ્ટ્રમાં પણ દેવામાફીના પગલાં લેવાયાં હોવાનો ઉલ્લેખ કરીને ગુજરાતમાં પણ સમાન ધોરણે દેવા માફીનો નિર્ણય કરવાની માંગ કરવામાં આવી રહી છે.

પાકને થયેલા નુકસાનનું યોગ્ય સર્વેક્ષણ કરીને વળતર આપવાની માંગ

ખેડૂતોનું કહેવું છે કે માત્ર આશ્વાસનથી તેમની સમસ્યાઓનો ઉકેલ આવશે નહીં. પાકને થયેલા નુકસાનનું યોગ્ય સર્વેક્ષણ કરીને વળતર આપવામાં આવે, કૃષિ ધિરાણની ચુકવણીમાં રાહત મળે અને આગામી સિઝન માટે બિયારણ, ખાતર તથા પિયતની વ્યવસ્થા કરવામાં સહાય મળે તે જરૂરી છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા વિશેષ રાહત પેકેજ જાહેર કરીને ખેડૂતોને આર્થિક રીતે બેઠા કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

માત્ર ૪ જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરાતા ખેડૂતોમાં રોષ

અમરેલી સહિત અનેક જિલ્લામાં વરસાદ ઓછો આવતા ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે. રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક ૪ જિલ્લાને જ અસરગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા હતા. જો કે રાજ્યના મોટાભાગના જિલ્લામાં ઓછો વરસાદ થતા દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાતા ખેડૂતોની હાલત કફોડી બની છે. રાજ્ય સરકાર દ્વારા માત્ર ૪ જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવતા અમરેલી જિલ્લાના ખેડૂતોની મશ્કરી કરવામાં આવી હોય તેવુ લાગી રહ્યુ છે. જેથી તાત્કાલિક સર્વે કરી અમરેલી જિલ્લાને પણ દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

કોઇ નેતાઓએ હરફ સુધ્ધા ઉચ્ચાર્યો નહી

અમરેલી જિલ્લાની પાંચેય વિધાનસભામાં ભાજપના ધારાસભ્યો છે. રાજ્ય સરકારે માત્ર ૪ જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરતા ખેડૂતોમાં સરકારની નીતિની ટીકા થઇ રહી છે. કોઇપણ જાતના સર્વે કર્યા વગર અમરેલી જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો ન હોવાની ખેડૂતોમાં રોષ સાથે ચર્ચાઓ થઇ રહી છે. જો કે જિલ્લાના પાંચેય ધારાસભ્યોએ પણ અમરેલી જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે તે બાબતે એક શબ્દ પણ ઉચ્ચાર્યો ન હોવાથી ખેડૂતોમાં રોષ ફેલાયો છે.

વડોદરાના માંડવીમાં સોની પરિવારના ત્રણ સભ્યોનો સામૂહિક આપઘાત : માતા, પુત્ર અને પુત્રીએ જીવન ટૂંકાવ્યું

વડોદરા,તા.૨૯

વડોદરાના માંડવી વિસ્તારમાં આવેલી દલા પટેલની પોળમાં સોની પરિવારના ત્રણ સભ્યોએ સામૂહિક આપઘાત કરતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ૫૦ વર્ષીય માતા આરતીબેન સોની, તેમના પુત્ર નીલકંઠ સોની અને દીકરી જેની સોનીએ એકસાથે ગળાફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું છે. ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો, સ્થાનિક લોકો અને કોર્પોરેટર ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે ત્રણેય મૃતદેહોને કબજે કરીને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પરિવારના મુખીનું એક વર્ષ પહેલાં હાર્ટ એટેકના કારણે અવસાન થયું હતું. જોકે, પરિવારે આ કઠોર પગલું કયા કારણોસર ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસે આ ગંભીર મામલે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે, જેના પછી જ આપઘાતનું સાચું કારણ બહાર આવશે.



રાજકોટ જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા જેતપુરના ખેડૂતોનું પોસ્ટકાર્ડ અભિયાન

રાજકોટ,તા.૨૯

રાજ્ય સરકાર દ્વારા ઓછા વરસાદથી અસરગ્રસ્ત ચાર જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી પ્રતિ હેક્ટર રૂ. ૮,૫૦૦ સહાયની જાહેરાત કરાઈ છે. પરંતુ આ યાદીમાં રાજકોટ જિલ્લાનો સમાવેશ ન થતાં ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વરસાદના અભાવે ચોમાસુ પાક નિષ્ફળ જતાં બિયારણ, ખાતર અને મજૂરીનો ખર્ચ પણ માથે પડ્યો છે, જેથી ખેડૂતો ગંભીર આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. પોતાની વ્યથા સરકાર સુધી પહોંચાડવા જેતપુરના ખેડૂતોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પોસ્ટકાર્ડ લખવાનું અભિયાન શરૂ કર્યું છે. ખેડૂતોની માંગ છે કે રાજકોટ સહિત સૌરાષ્ટ્રના નુકસાનગ્રસ્ત વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી પૂરતી સહાય આપવામાં આવે. આ ઉપરાંત, ખેડૂતોએ મહારાષ્ટ્રની જેમ દેવા માફી આપવાની તથા બંધ કરાયેલી 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' અને 'ફસલ વીમા યોજના' પુનઃ શરૂ કરવાની પણ માંગ કરી છે. આગામી સિઝનની ખેતી માટે નાણાંની જરૂરિયાત વચ્ચે દેવાનો બોજ અસહ્ય બનતાં ખેડૂતો સરકાર પાસે તાત્કાલિક રાહત પગલાંની આશા રાખી રહ્યા છે.


રાજકોટ એરપોર્ટ પર ફટાકડાના તણખાથી આગ લાગતાં દિલ્હીની ફ્લાઈટ વડોદરા ડાયવર્ટ

રાજકોટ,તા.૨૯

રાજકોટના હીરાસર એરપોર્ટ પર પક્ષી ભગાડવાના ફટાકડાથી ઘાસમાં આગ લાગતા ધુમાડાને કારણે વિઝિબિલિટી ઘટી ગઈ હતી. આથી દિલ્હીથી આવેલી એર ઈન્ડિયાની ફ્લાઈટને વડોદરા ડાયવર્ટ કરવી પડી હતી. ફાયર બ્રિગેડે આગ પર કાબૂ મેળવ્યા બાદ ફ્લાઈટ પરત આવીને રવાના થઈ હતી.









॥ દુઃખદ અવસાન - બેસણું ॥



સ્વ. સંજય બાબુભાઈ દેસાઈ

ઉ.વ. : ૪૯ સ્વ. તા.૨૬/૧૦/૨૦૨૬

અમારા સુપુત્ર સ્વ. સંજય બાબુભાઈ દેસાઈનું તા. ૨૬/૧૦/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન વડોદરા મુકામે થયેલ છે.

સ્વર્ગસ્થનું બેસણું

પાણીયા (કલુબાઈ) મુકામે
તા.૩૧/૧૦/૨૦૨૬ શનિવાર
સમય : સવારે ૦૮-૦૦ થી ૧૧-૦૦ સુધી

અમરેલી મુકામે
તા.૩૧/૧૦/૨૦૨૬ શનિવાર
બપોરે ૦૩-૦૦ થી ૦૬-૦૦ સુધી
સ્થળ : દ્વારકેશ સોસાયટી વિભાગ-૨, શ્રીજી નિવાસ, લીલીયા રોડ, અમરેલી.

લી.

બાબુભાઈ મોહનભાઈ દેસાઈ (૮૧૬૦૫ ૧૭૩૭૪)
હસમુખભાઈ બાબુભાઈ દેસાઈ
સ્વ. જીતેન્દ્ર બાબુભાઈ દેસાઈ
મહેશભાઈ બાબુભાઈ દેસાઈ (૯૯૧૩૪ ૯૮૨૬૮)
માન સંજયભાઈ દેસાઈ

શંભુભાઈ મોહનભાઈ દેસાઈ (૯૪૨૬૪ ૪૮૨૪૦)
હિંમતભાઈ મોહનભાઈ દેસાઈ
કાંતીભાઈ મોહનભાઈ દેસાઈ
વિજય જયંતિભાઈ દેસાઈ (૯૭૧૪૩ ૪૪૦૦૦)
કૌશીક મનુભાઈ દેસાઈ (૭૫૬૭૨ ૩૬૩૫૬)

ફર્મ :- શ્રીજી મેડીકલ એન્ડ જનરલ સ્ટોર્સ, વડોદરા.
પટેલ મેડીકલ સ્ટોર્સ, અમરેલી
પટેલ ફાર્મા, અમરેલી (પાણીયા વાળા)